RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 157* Date: 05.04.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## નક્સલીઓએ ૭૦૦ જવાનોને ૩ દિશાથી ઘેરી કર્યુ ફાયરીંગ, લૂંટ્યા ૨ ડઝન સુરક્ષાકર્મીઓના હથિયાર

# છત્તીસગઢમાં નક્સલી હુમલો, ૨૪ જવાન શહીદ

*યુ દિલ્હી, તા.૪*

શનિવારે બસ્તરના બીજાપુરમાં નક્સલીઓએ ૭૦૦ સૈનિકોને ઘેરી લીધા હતા અને તેમના પર હુમલો કર્યો હતો. બીજાપુર એસપીએ જણાવ્યું કે આ હુમલામાં ૨૨ જવાનો શહીદ થયા છે. જો કે, આ સંખ્યા ૨૪ હોવાની આશંકા છે.ગ્રાઉન્ડ ઝીરોનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં ૨૦ જવાનોના મૃતદેહ હજી ઘટનાસ્થળે જ જોવા મળી રહ્યા છે. અહીં રેસ્ક્યૂ ટીમ પણ હજી સુધી પહોંચી શકી નથી.

બીજાપુરના એસપીએ જણાવ્યું કે, નક્સલીઓ સાથે થયેલી આ અથડામણમાં ૨૨ જવાન શહીદ થયા છે અને અનેક જવાન લાપતા છે. નક્સલીઓએ બે ડઝન કરતા પણ વધારે સુરક્ષાકર્મીઓ પાસેથી તેમના હથિયારો છીનવી લીધા છે. શનિવારે થયેલ આ અથડામણમાં પહેલા માત્ર ૫ સૈનિકો શહિદ થયાના સમાચાર મળ્યાં હતાં. એવું કહેવામાં આવ્યું હતું કે નક્સલવાદીઓ સાથેની અથડામણમાં ૫ સૈનિકો શહિદ થયા હતા, જ્યારે ૨૧ લાપતા થયા હતા. પરંતુ આજે બપોરે સૈનિકોના મૃતદેહ સામે આવતા આંકડો વધી ગયો છે. હાલમાં ગુમ થયેલ સૈનિકોની શોધમાં આજે સવારથી



સર્ચ ઓપરેશન તીવ્ર કરવામાં આવ્યું છે. આજે સામે આવેલા દ્રશ્યો વિચલિત કરે તેવા છે. એક રિપોર્ટ પ્રમાણે, નક્સલવાદીઓ ગામમાં હાજર હતા અને એક મહુઆના ઝાડ પાસે ૬ સૈનિકોની લાશ પડી હતી. તે જ સમયે ૩ જવાનનાં મૃતદેહ પણ એક અંતરે પડેલા હતા અને નજીકના મકાન પાસે એક જવાનનો મૃતદેહ પડ્યો હતો. ગામ લોકોએ જણાવ્યું કે, આગળ અને જંગલમાં ૧૦ જેટલા સૈનિકોની લાશ પડી છે. આપને જણાવી દઈએ કે સુરક્ષા દળો સાથે નક્સલવાદીઓની પહેલી અથડામણ ગામની નજીકની ટેકરીમાં થઈ હતી. ઈજાગ્રસ્ત સૈનિકોને લઈ જતી ટીમ પર બીજી વાર નક્સલીઓએ હુમલો કર્યો હતો જેના જવાબમાં સૈનિકોએ પણ ગોળીબાર કર્યો હતો.

સુરક્ષા દળોને જોનાગુડાની પહાડીઓ પર નક્સલીઓએ ડેરો જમાવ્યો હોવાની સૂચના મળી હતી. ત્યાર બાદ શુક્રવારે રાતે બીજાપુર અને સુકમા જિલ્લાના કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળની કોબરા બટાલિયન, ડીઆરજી અને એસટીએફના સંયુક્ત દળના નક્સલ વિરોધી અભિયાન અંતર્ગત ૨,૦૦૦ જવાનોને રવાના કરવામાં આવ્યા હતા. પરંતુ શનિવારે નક્સલીઓએ તર્રેમ વિસ્તારની જોનાગુડા પહાડી પાસે ૭૦૦ જવાનોને ઘેરીને તેમના પર હુમલો કરી દીધો હતો. નક્સલીઓ જવાનોને ૩ દિશાથી ઘેરીને તેમના પર ફાયરિંગ કરવા લાગ્યા હતા. આશરે ૩ કલાક ચાલેલી અથડામણમાં ૧૫ નક્સલી ઠાર મરાયા હતા. આ હુમલામાં ૨૨ જવાન શહીદ થયા છે અને ૩૧ કરતા પણ વધારે ઘાયલ જવાનોની સારવાર ચાલી રહી છે.

## ભારતમાં કોરોનાની સ્થિતિ વણસતા પીએમ મોદીએ બોલાવી હાઈલેવલ મિટિંગ

ન્યુ દિલ્હી, તા.૪

દેશમાં વધી રહેલા કોરોનાના કેસોને લઈને પીએમ મોદી આ સમયે એક હાઈ લેવલ મિટિંગ કરી રહ્યા છે. આ બેઠકમાં કોરોના સાથે સંકળાયેલા મુદ્દા અને રસિકરણ અંગે ચર્ચા ચાલી રહી છે. કેબિનેટ સચિવ, પીએમના મુખ્ય સચિવ, સ્વાસ્થ્ય સચિવ અને ડોક્ટર વિનોદ પોલ પણ હાજર છે.

ભારતમાં રવિવારે કોરોનાના ૯૩,૨૪૯ નવા કેસ સામે આવ્યા હતા જે આ વર્ષે એક દિવસમાં સામે આવેલા સૌથી વધુ કેસ છે. આ સાથે જ દેશમાં કુલ કેસની સંખ્યા ૧,૨૪,૮૫,૫૦૯ થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સવારે ૮ વાગ્યા સુધીમાં જાહેર કરેલા આંકડા મુજબ ૧૮ સપ્ટેમ્બર બાદથી કોરોના વાઈરસ સંક્રમણના આ એક દિવસમાં આવેલા સૌથી વધુ કેસ છે. ૧૮ સપ્ટેમ્બરના રોજ કોરોનાના ૯૩,૩૩૭ કેસ સામે આવ્યા હતા. આંકડા પ્રમાણે રવિવારે કોરોનાના કારણે ૫૧૩ લોકોના મોત થયા હતા અને હાલમાં ભારતમાં કોરોનાના કારણે મોતને ભેટેલા લોકોની કુસ સંખ્યા ૧,૬૪,૬૨૩ થઈ ગઈ છે.

મંત્રાલયે જણાવ્યું કે, સંક્રમણના મામલે સતત ૨૫માં દિવસે વધારો થઈ રહ્યો છે. દેશમાં હજુ પણ ૬,૯૧,૫૯૭ દર્દી કોરોનાની સારવાર લઈ રહ્યા છે અને જે સંક્રમણના કુલ કેસનાં ૫.૫૪ ટકા છે. સાજા થનારા લોકોની ટકાવારી ૯૩.૧૪ ટકા છે. દેશમાં ૧૨ ફેબ્રુઆરીના રોજ સૌથી ઓછા ૧,૩૫,૯૨૬ લોકો સંક્રમિત હતા જે કુલ કેસના ૧.૨૫ ટકા હતા. આંકડા અનુસાર આ બીમારીથી અત્યાર સુધીમાં ૧,૧૬,૨૯,૨૮૯ લોકો સાજા થયા છે જ્યારે મૃત્યુદર ૧.૩૨ ટકા છે.

## એપ્રિલમાં કોરોના ચરમસીમાએ પહોંચશે, દેશને મિની લોકડાઉનની જરુરઃ ડો. ગુલેરિયા

ન્યુ દિલ્હી, તા.૪

દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણના કેસમાં ઝડપી વૃદ્ધિને કારણે લોકોના મનમાં અનેક પ્રકારની ચિંતાઓ ઉભી થઈ રહી છે. આ દરમિયાન લોકડાઉનને લઈને પણ ચર્ચાઓ શરૂ થઈ છે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (AIIMS)ના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાના જણાવ્યા અનુસાર, આ મહિને (એપ્રિલ) કોવિડ-૧૯(Covid 19) ચેપની બીજી લહેર જોવા મળશે. આવી સ્થિતિમાં તેમણે અમુક પ્રતિબંધોને જરૂરી ગણાવ્યા છે.

કોરોના વાયરસના સંક્રમણના કેસોમાં વધારા માટે તેમણે લોકોના બેદરકાર વલણને જવાબદાર ઠેરવ્યું છે. તો બીજી તરફ વાયરસના નવા વેરિયંન્ટના કારણે પણ સંક્રમણ ઝડપથી ફેલાવાની સંભાવનાને નકારી ન શકાય. ભારતમાં વિતેલા દિવસોમાં કોરોના વાયરસના અનેક નવા પ્રકારો સામે આવ્યા હતા, જેને વધુ ચેપી ગણવામાં આવી રહ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં દિલ્હી, મહારાષ્ટ્ર અને કેટલાક અન્ય સ્થળોએ SARS-CoV-2ના નવા 'ડબલ મ્યુટન્ટ્સ' અને યુકે, દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલમાં સૌથી પહેલા આવેલા ત્રણ વેરિએન્ટ્સ ઓફ કંસર્ન ૧૮ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જોવા મળ્યાની વાત કરી હતી.

કોરોના વાયરસ ચેપની અનિયંત્રિત ગતિને જોતા આગામી ૧૫-૨૦ દિવસમાં તે પીક પર પહોંચવાની ધારણા છે. દરરોજ ચેપના નવા કેસોની વાત કરીએ તો, ભારત પ્રથમ નંબરે નજર આવી રહ્યું છે. અહીં દરરોજ નવા સામે આવી રહેલા કેસ રેકોર્ડ બનાવી રહ્યા છે અને સ્થિતિ વધુ ભયાનક થઈ રહી છે.

## છત્તીસગઢ અથડામણમાં શહીદ થયેલા જવાનોની શહાદત બેકાર નહિ જાયઃ ભૂપેશ બઘેલ

રાયપુર, તા.૪

છત્તીસગઢના જિલ્લા બીજાપુરના સુકમા અથડામણ પર રાજયના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે કહ્યું કે જવાનોની શહાદત બેકાર નહિ જાય. ભૂપેશ બઘેલે કહ્યું કે સુરક્ષાબળો અને નક્સલવાદીઓ વચ્ચે સતત ૪ કલાક સુધી ફાયરિંગ થયું છે, આ એન્કાઉન્ટરમાં નક્સલવાદીઓનું બહુ નુકસાન થયું છે. ૭ ઘાયલોને રાયપુર શિફ્ટ કરી દેવાયા છે તેઓ ખતરાથી બહાર છે. જ્યારે ૨૧ જવાન હજી પણ લાપતા છે. તેમને રેસ્ક્યૂ કરવા માટે ટીમ રવાના કરી દેવાઈ છે. મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે ગૃહમંત્રી અમિત શાહે સુકમા-બીજાપુર બોર્ડર પર થયેલ એન્કાઉન્ટરને લઈ ફોન પર વાત કરી છે. સીએમઓ તરફથી મળેલી જાણકારી મુજબ ગૃહમંત્રી અમિત શાહે સીએમ ભૂપેશ બઘેલ સાથે શનિવારે અને રવિવારે પણ ફોન પર વાત કરી છે. સીએમ બઘેલે કહ્યું કે તેઓ હાલ આસામ ગુવાહાટીમાં અને સાંજે છત્તીસગઢ જશે.

ગૃહમંત્રી અમિત શાહે સ્થિતિનો રિપોર્ટ લેવા માટે સીઆરપીએફના મહાનિદેશકને રાજયમાં જવાનો નિર્દેશ આપ્યો હતો. જે બાદ આજે એટલે કે રવિવારે સીઆરપીએફના મહાનિદેશક (ડીજી) કુલદીપ સિંહ ઓપરેશનલ કાર્ય અને સ્થિતિનો રિપોર્ટ લેવા માટે છત્તીસગઢ પહોંચ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુંસાર ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને કહ્યું કે નક્સલીઓથી જીતવા માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકારે મળીને કામ કરવું પડશે અને આપણે એક સાથે આ લડાઈ અવશ્ય જીતશું. અમિત શાહે રાજય સરકારને ભરોસો અપાવ્યો છે કે કેન્દ્ર સરકાર તરફથી જે કંઈપણ જરૂરી મદદ હશે તે રાજય સરકારને અપાશે. સીઆરપીએફના મહાનિદેશક કુલદીપ સિંહે છત્તીસગઢ પહોંચ્યા બાદ કહ્યું કે સુકમા એનકાઉન્ટર બાદથી ૨૧ સુરક્ષાકર્મી લાપતા છે, જેમાં આ ૭ સુરક્ષાકર્મી સીઆરપીએફના છે. ઘટનામાં અત્યાર સુધી ૫ જવાન શહીદ થઈ ગયા છે. જીવ ગુમાવનાર ૫માંથી ૨ જવાન સીઆરપીએફના છે. જ્યારે ૧ ઘાયલોમાંથી ૧૬ ઘાયલ જવાન પણ સીઆરપીએફ ના છે.

## તમિલનાડૂમાં બોલ્યા અમિત શાહ, વંશવાદી અને ભ્રષ્ટ કોંગ્રેસ-ડીએમકેને હરાવશે

ચેન્નાઇ, તા.૪

ગૃહમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ આજે મિશન બીજેપી અંતર્ગત તમિલનાડુના પ્રવાસ પર છે, જ્યાં તેમણે ભાજપ-એઆઈએડીએમકેના ચૂંટણી પ્રચારની લગામ સંભાળી છે. શાહે આજે રોડ શોમાંથી જાહેર સભાને સંબોધન કર્યું હતું. આ સમય દરમ્યાન સમર્થકોની ભારે ભીડ જોવા મળી હતી. તિરુનેલવેલીમાં એક રેલીમાં ભાષણ આપતાં અમિત શાહે કહ્યુ કે આ વિધાનસભાની ચૂંટણી તમિલનાડુના ભવિષ્ય માટે ખૂબ મહત્વની છે. આ સાથે તેમણે ડીએમકે અને કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે તમિલનાડુની આ વિધાનસભાની ચૂંટણીઓ નિર્ણય કરશે કે તમિલનાડુ રાજવંશના માર્ગ પર ચાલશે કે મક્કલ થિલાગમ (પીપલ્સ કિંગ) એમજી રામચંદ્રનના માર્ગ પર ચાલવા માંગે છે. શાહે કહ્યું કે રાજ્યનો વિકાસ ત્યારે જ શક્ય છે જ્યારે આપણે રાજવંશ અને ભ્રષ્ટ ડીએમકે-કોંગ્રેસને પરાજિત કરીએ. ગૃહમંત્રીએ લોકોને કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી વિકાસયાત્રા તમિલનાડુને એમજીઆર અને જયલલિતાનું સ્વપ્ન બનાવી શકે છે. આ દરમિયાન તેમણે ફરી એક વખત ભાજપ-એઆઈએડીએમકેની ડબલ એન્જિન સરકાર બનાવવાની અપીલ કરી હતા. આ દરમિયાન ગૃહમંત્રીએ કહ્યું કે એક તરફ પીએમ મોદીના નેતૃત્વ હેઠળ એનડીએ છે અને બીજી તરફ રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ યુપીએ છે. ચા વેચનાર બનવાથી લઈને દેશના વડા પ્રધાન બનવા સુધી ગરીબોના મસિહા તરીકે મોદીજી દેશનું નેતૃત્વ કરી રહ્યા છે અને તમિળનાડુની પલાનીસ્વામી સામાન્ય કાર્યકર તરીકે કામ કરીને મુખ્યમંત્રી બન્યા છે. બીજી તરફ ડીએમકે અને કોંગ્રેસ છે. કોંગ્રેસની ચોથી જનરેશન (૪ જી) ચાલી રહી છે જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, રાહુલ ગાંધી. ડીએમકે ત્રીજી જનરેશન (૩ જી) છે. કરુણાનિધિ, સ્ટાલિન અને હવે ઉદનીધિને મુખ્ય પ્રધાન બનાવવામાં ચક્કરમાં સ્ટાલિન જી તમિલનાડુના ભવિષ્યને દાવ પર લગાવ્યુ છે.ડીએમકે અને કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં અમિત શાહે કહ્યું કે જ્યારે પીએમ મોદી તમિળનાડુના ખેડુતો, બેરોજગાર યુવાનો અને માછીમારોની ચિંતા કરે છે, ત્યારે સ્ટાલિન તેમના પુત્ર ઉધયાનિધિને મુખ્યમંત્રી બનાવવાની ચિંતા કરે છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૮૭૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૧૮૪૩૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૦૨૪**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૯૮૭૩૭**

## રાષ્ટ્રપતિ કોવિંદ અને વડાપ્રધાન મોદીએ નાગરિકોને ઇસ્ટરની શુભેચ્છા પાઠવી



ન્યુ દિલ્હી, તા.૪

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઈસ્ટરના પ્રસંગે તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે એક ટ્વીટમાં લખ્યું, ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનની ઉજવણી માટે આ ઉત્સવ સમગ્ર વિશ્વમાં ખૂબ જ આદર અને આનંદ સાથે ઉજવવામાં આવે છે. તેમણે કહ્યું કે ઈસુ ખ્રિસ્ત માનવતા, સત્ય, ક્ષમા, બલિદાન અને કરુણાના પ્રતીક હતા. તેમના ઉપદેશો, શાંતિ, પ્રેમ અને ભાઈચારોનો સંદેશ આપે છે. તેમણે લોકોને ઈસુ ખ્રિસ્તના ઉપદેશો અને મૂલ્યો અપનાવવા હાકલ કરી હતી. જે દેશ અને સમાજમાં સમૃદ્ધિ અને ખુશહાલી લાવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કર્યું, 'ઈસ્ટર પર અભિનંદન. આ દિવસે આપણે ઈસુ ખ્રિસ્તના પવિત્ર ઉપદેશોને યાદ કરીએ છીએ. સામાજિક સશક્તિકરણ પર તેમનો ભાર વિશ્વભરના લાખો લોકોને પ્રેરણા આપે છે.'

## સુપરસ્ટાર અક્ષય કુમાર પણ આજે કોરોના સંક્રમિત

# દેશમાં કોરોના વિસ્ફોટ, એક દિવસમાં ૯૩,૨૪૯ નવા કેસ, મુંબઈની સ્થિતિ ખતરનાક

ન્યુ દિલ્હી, તા.૪

ફરી એકવાર દેશમાં કોરોનાના દર્દીઓમાં વધારો થયો છે, તાજા આંકડાઓ ડરાવનારા છે. રવિવારે સ્વાસ્થ્યમંત્રાલય તરફથી જાહેર આંકડાઓ મુજબ દેશમાં ગત ૨૪ કલાકમાં ૯૩,૨૪૯ નવા કોરોનાના કેસ સામે આવ્યા છે, જે ઓક્ટોબર ૨૦૨૦ બાદ સામે આવેલા અત્યાર સુધીના સૌથી વધુ આંકડા છે.

ગત ૨૪ કલાકમાં કોરોનાથી ૫૧૩ લોકોનાં મોત થયાં છે, જે બાદ દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૨૪,૮૫,૫૦૯ થઈ ગઈ અને કુલ મોતનો આંકડો ૧,૬૪,૬૨૩ પર પહોંચી ગયો છે. દેશમાં એક્ટિવ કેસ ૬,૯૧,૫૯૭ ઠે ડ્આકે ૧,૧૬,૨૯,૨૮ લોકો હોસ્પિટલેથી ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે, જયારે દેશમાં અત્યાર સુધી ૭,૫૯,૭૯,૬૫૧ લોકોને કોરોના વેક્સીન આપવામાં આવી છે.

કોરોનાથી સૌથી વધુ ગ્રસિત મહારાષ્ટ્ર છે, જ્યાંની સ્થિતિ ઘણી ચિંતાજનક બની ગઈ છે. કોરોનાના લપેટામાં કેટલાય બોલીવુડ અભિનેતા અને અભિનેત્રીઓ આવી ચૂક્યાં છે. સુપરસ્ટાર અક્ષય કુમાર પણ આજે કોરોના સંક્રમિત નિકળ્યો છે, જે બાદ તેમણે ખુદને હોમ ક્વોરેન્ટાઈન કરી લીધા છે.

જણાવી દઈએ કે દેશમાં કોવિડ૧૯થી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્ર છે. પ્રદેશની રાજધાની મુંબઈમાં સંક્રમણ તેજીથી વધતું જઈ રહ્યું છે. શનિવારે અહીં પાછલા ૨૪ કલાકમાં ૯ હજારથી વધુ નવા દર્દીઓ મળ્યા જ્યારે આ દરમ્યાન ૨૭ લોકોનાં મોત થયાં છે. જણાવી દઈએ કે કોરોના વાયરસ પ્રસાર પર કાબૂ મેળવવા માટે હવે મહારાષ્ટ્ર સરકાર લૉકડાઉન જેવા સખ્ત ફેસલા પર વિચાર કરી રહી છે.

જ્યારે ઉત્તર પ્રદેશમાં પણ કોરોનાના મામલામાં તેજી આવી છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં મામલા તેજીથી વધ્યા છે. બે દિવસમાં ૯૦૦થી વધુ મામલા આવ્યા બાદ આજે લખનઉમાં કોરોનાના એક હજારથી વધુ નવા મામલા સામે આવ્યા છે. જે લખનઉમાં આ વર્ષે એટલે કે ૨૦૨૧માં કોરોનાના નવા મામલાની સૌથી વધુ સંખ્યા છે. યુપીમાં કોરોનાના વધતા મામલાને જોતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ધોરણ આઠ સુધીની તમામ સરકારી અને ખાનગી શાળાઓને ૧૧ એપ્રિલ સુધી બંધ રાખવાના નિર્દેશ આપ્યા છે. ગુજરાતમાં પણ કોરોના બેકાબૂ બનતો જઈ રહ્યો છે. હોળી બાદ કોરોનાના કેસમાં ખાસ વધારો જોવા મળ્યો છે. જેને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે પણ તાત્કાલીક ધોરણે શાળાઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. સરકારી અને ખાનગી શાળાઓ ગુજરાતમાં બંધ કરી દેવામાં આવી છે.

# તંત્રી સ્થાનેથી...

## કોરોના કહેર : ગુજરાતમાં બાળકોનું કોરોનાગ્રસ્ત થવું ચિંતાજનક?

**કોરોના વાઇરસની બીજી લેહર ચાલી રહી છે ત્યારે બાળકો પર તેની સૌથી વધુ અસર થઈ છે. ગુજરાતમાં કોરોસના વાઇરસના કેસ વધી રહ્યાં છે ત્યારે બાળકો પણ સંક્રમિત થઈ રહ્યાં છે. તેનો સૌથી મોટો દાખલો વડોદરા છે, જ્યાં સયાજી હોસ્પિટલમાં દરરોજ ૫ -૬ બાળકોને કોરોના પોઝિટિવ હોવાનું હોસ્પિટલના તબીબનું કહેવું છે.**

**સયાજી હોસ્પિટલનાં પીડિયાટ્રિક વિભાગનાં વડાં ડો. શીલા ઐય્યરની બીબીસીએ લીધેલી મુલાકાતમાં જણાવ્યું કે, ''બાળકોમાં કોરોના વાઇરસના કેસોનું પ્રમાણ વધી રહ્યું છે અને છેલ્લાં એક અઠવાડિયાથી દરરોજ ૫-૬ કેસ સામે આવી રહ્યાં છે, જેમાં બાળકોને કોરોના વાઇરસનો ચેપ લાગ્યો હોય.''**

**તેઓ વધુમાં જણાવે છે કે વડોદરામાં દરરોજ ૩૦૦થી વધુ પુખ્તવયનાં લોકો કોરોના પોઝિટિવ આવી રહ્યાં છે ત્યારે ૫-૬ બાળકો જો પોઝિટિવ મળી આવે તો પરિસ્થિતિને ગંભીર ગણી શકાય નહીં. બાળકોમાં કેસ વધવા પાછળ જે કારણો છે તેમાં ઘરનાં સભ્યો સંક્રમિત થયાં હોય અને બાળકો વધુ ઘરની બહાર જઈ રહ્યાં હોય એ બાબતો સામેલ છે.**

**દરમિયાન બીબીસીના સહયોગી ભાર્ગવ પરીખ સાથેની વાતચીતમાં ગુજરાતના નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલે જણાવ્યું કે તેમને માહિતી મળી છે કે વડોદરામાં બાળકોમાં કોરોના વાઇરસના કેસ વધી રહ્યાં છે અને તે વિશે વધુ તેઓ શનિવારે વડોદરા જઈ રહ્યા છે, ત્યારે આ મામલે અધિકારીઓ સાથે મિટીંગ કરશે.**

**જોકે, અત્રે નોંધવા જેવી બાબત એ છે કે બેંગ્લુરુમાં પણ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કોરોના વાઇરસના કેસમાં વધારો જોવા મળ્યો છે.**

**ધ ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના અહેવાલ અનુસાર ૧ માર્ચથી ૨૮ માર્ચ દરમિયાન ૧૦ વર્ષથી ઓછી ઉંમરના ૪૭૨ બાળકો કોરોના પોઝિટિવ મળી આવ્યાં હતા. જે ૪૭૨ બાળકો કોરોના પોઝિટિવ મળી આવ્યાં છે તેમાં ૨૪૪ છોકરા છે અને ૨૨૮ છોકરીઓ છે.**

**નિષ્ણાતોને ટાંકતાં અહેવાલ લખે છે કે કોરોના વાઇરસની બીજી લેહર ચાલી રહી છે ત્યારે બાળકો પર તેની સૌથી વધુ અસર થઈ છે. ગયા વર્ષે બાળકો મોટાભાગનો સમય ઘરની અંદર જ હતા પરતું હાલમાં તેઓ પરિવાર સાથે બહાર જઈ રહ્યાં હોવાથી તેમને ચેપ લાગવાનો જોખમ વધી ગયું છે.**

**કર્નાટક ટેકનિકલ એડવાઇઝરી કમિટીના સભ્ય અનુસાર લોકડાઉન વખતે બાળકો ઘરની અંદર હતા. હવે તેઓ બગીચામાં જઈ રહ્યાં છે અથવા પોતાના એપાર્ટમેન્ટના કોમન એરિયામાં રમી રહ્યાં છે. સભ્ય અનુસાર બાળકો કોરોના કેરિયર બની શકે છે. નિષ્ણાતો અનુસાર બાળકોને માસ્ક પહેરાવવો અને તેમની પાસે સોશિયલ ડિસ્ટેન્સિંગનું અનુસરણ કરાવવો એ સૌથી મુશ્કેલ કામ છે.**

# જિંદગી ના ચઢાવ ઉતાર.......

**અનુસંધાન આગળના અંકનું ચાલુ**



જીજ્ઞાશા જોશી (શુક)

વર્ષોથી જેનો ફોન આવ્યો નહોતો કે નહોતી કોઈ ચિંતા કરી કે મા-બાપ ક્યાં છે, શું કરે છે, જીવે છે કે મરી ગયા એવી પણ ચિંતા કરી નથી એને આજે મા-બાપની યાદ આવી છે અને તેણે બાને ફોન કર્યો છે કે તમે ક્યાં છો, તમે તો યાદ પણ કરતાં નથી અને ફોન પણ કરતાં નથી. મિલકતનો ભાગ આપવો પડે એટલે ડરતાં ફરો છો. જ્યાં ને ત્યાં રખડયા કરો છો પણએટલી ખબર નથી પડતી કે હવે મિલકત નો ભાગ પાડી દીકરાઓને તેનો ભાગ સોંપી દઈએ વારંવાર અમારે તમને ફોન કરીને આ વાત યાદ કરાવી પડે છે હવે અમને પણ શરમ આવે છે.ફોન સ્પીકર ઉપર હોવાથી આ વાત દાદા પણ સાંભળતા હતાં અને દાદાએ ફોન હાથમાં લઈને એટલું જ બોલ્યા કે મિલકત જેને આપવાની હતી તેને આપી દીધી છે તમારે અમારી કોઇ ચિંતા કરવાની જરૂર નથી તમે શાંતિથી તમારું જીવન વિતાવો અમે અહીં શાંતિથી રહીએ છીએ્મા બાપ જીવે છે કે મરી ગયા તેની સંભાળ લેવાની ચિંતા નથી પરંતુ મિલકત ક્યાં છે તે વિચાર આવે એટલે તરત મા-બાપ સાંભળે છે તો યાદ રાખો કે આ મારી મિલકતમાંથી તમને બંનેને એક રૂપિયો પણ આપવાનું નથી આ મારા ચોખ્ખા શબ્દો સાંભળી તમારી પત્નીઓને પણ જાણ કરી દેજો આ માટે મારે કોઈ વિવાદ કરવાનો નથી. મિલકતનું શું કરશું અને શું નહીં એની પણ ચિંતા તમારે કરવાની નથી. કોન્ફરન્સમાં વાત ચાલતી હોવાથી બંને દીકરા અવાક બની ગયા કે પપ્પા આ શું બોલે છે અને હવે આપણે શું કરશું.ગુસ્સામાં આવી બન્ને દીકરા બોલ્યા કે તો પછી હવે આ વાત કોર્ટમાં જશે પછી અમને કહેતા નહીં કે દીકરાએ મા-બાપ પર કેસ કર્યો. આ વિષય પર બહુ ચડસાચડસી થઈ અને દાદાએ ગુસ્સામાં ફોન મૂકી દીધો. મોહનભાઈ અને શાંતાબેન આ વાત સાંભળતા હતાં તે તો વિચારમાં જ પડી ગયાં કે આવાં હોય દીકરા? તે તો ભગવાનનો પાડ માનવા લાગ્યા હે પ્રભુ ગયાં જન્મની પુનાય અને તારા આશીર્વાદ થી અમને રાધા અને દિનેશ જેવાં દીકરા વહુ મળ્યાં છે કે જેથી અમારું ઘડપણ સચવાય છે નહીં તો અમારી પણ આવી જ હાલત હોત. બા પણ બોલ્યા કે તમે નસીબદાર છો તો તમને દિનેશ જેવો દીકરો મળ્યો છે અને હું કહું છું કે આવી અમીરી કરતાં ગરીબી સારી કે જેનાથી સૌ એકબીજા સાથે જોડાઈને જ રહે અલગ થવાની કોઈની પરિસ્થિતિ જ ન હોય તો સૌ સાથે સંપીને જ રહેવાના. "પૈસો કરાવે વેર અને વેર પીવડાવે ઝેર" એ કહેવત પ્રમાણે આ અમીરી જ સંબંધોમાં તિરાડ પાડે છે. દિનેશ અને રાધાએ પણ મિલકત પાછી આપી દેવા માટે સમજાવ્યાં પરંતુ બંનેએ એક જ નિર્ણય રાખ્યો કે નહીં જે થયું છે તે બરાબર જ છે અને તેમાં કોઈ ફેરફાર કરવાનો થતો નથી. જે થશે તે જોયું જશે. તમે ચિંતા કરો નહીં પરંતુ આખી રાત બા દાદાને ઊંઘ ન આવી અને શું કરવું અને શું ન કરવું એવાં જ વિચારો આવ્યાં. વહેલી સવારે બંને એક જ વિચાર આવ્યો કે વકીલને મળીને દિનેશને દત્તક લેવાના જરૂરી કાગળો કરી સમાચાર પત્રનાં માધ્યમથી જ માહિતી આપી દઈએ કે આજથી આ બંને દીકરાઓને અમે અમારી મિલકતમાંથી બરતરફ કરીએ છીએ. અમે અમારી મિલકત અમારી મરજીથી કોઈનાં પણ દબાણ વગર દિનેશ અને તેનાં પુત્રને સોંપી છે તેમાં તે લોકોનું પણ કોઈ દબાણ નથી. સવારે ઉઠીને દાદા પરિવારમાં આ વાત કરે છે અને તે માટે બધાને સહમત પણ કરે છે પરંતુ આ વાત પણ કુદરતને મંજુર ન હોય કે સવારમાં ઊઠતા જ સરકારી કાગળ આવી ગયો કે તમારા દીકરાઓએ તમારા પર કોર્ટમાં મિલકત માટે કેસ મૂક્યો છે આવતા સોમવારે તમારે જરૂરી કાગળો સાથે કોર્ટમાં હાજર થવાનું છે.બા દાદાનાં પગ નીચેથી તો જાણે જમીન ખસી ગઈ હોય તેમ તેઓ પછડાઈને નીચે બેસી ગયા કે આવા દીકરા કરતાં તો વાંજીયા હોત તો વધારે સારું થાત. દુનિયાને પણ અમારા પર દયા આવત. સોમવારે કોર્ટમાંદીકરાઓ સામે આવ્યાં પરંતુ બા દાદાએ તેમને બોલાવ્યા પણ નહીં અને તેની સામે પણ ન જોયું. વકીલ પાસે દિનેશના દત્તકનામાનાં કાગળ અને તેને આપેલી મિલકતનાં જરૂરી કાગળો જજ સાહેબ ની શોધ ક્યાં અને કહ્યું કે આ અમારી મંજૂરીથી કોઈના પણ દબાણ વગર કરેલ છે. મિલકત અમારી છે એટલે અમારે કોઈની અનુમતિ લેવાની જરૂર નથી.અને જે દીકરાઓને અત્યાર સુધી મા બાપ ની યાદ આવતી ન હતી તેને મિલકત યાદઆવી એટલે મા-બાપ સાંભર્યા. મા બાપ જીવે છે કે મરી ગયા એની અત્યાર સુધી કોઈ દિવસ સંભાળ લીધી નથી અને અત્યારે મા-બાપ સાંભર્યા છે તો અમારે કોઈ નિર્ણયમાં ફેરફાર કરવો નથી. જજ સાહેબે પણ દાદાની તરફેણમાં જ નિર્ણય સંભળાવ્યો એટલે છોકરાઓ નીચું મોઢું કરીને જતાં રહ્યાં.રાજી થતાં બધા ઘરે આવ્યા અને સૌ મળીને ખુશીથી જીવન પસાર કરવાં લાગ્યાં.

## સુરતમાં બે મહિલાના મૃતદેહ બદલાયા, દફનવિધિને બદલે અપાયો અગ્નિદાહ

સુરત, તા.૪

સુરત શહેર જિલ્લામાં કોરોનાના કેસ અને મોતમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સુરત કોવિડ હોસ્પિટલની એક ગંભીર બેદરકારી સામે છે. જેમાં બે મહિલા કોરોના દર્દીના મૃતદેહ બદલાઈ ગયા હતા. એટલું જ નહીં પણ એક મૃતદેહની દફનવિધિને બદલે અગ્નિદાહ આપી દેવાતા પરિવારનો હોબાળો મચાવ્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પરિવારે તોડફોડ પણ કરી હતી. જેથી પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. હાલ પરિવારને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સૈયદપુરામાં આવેલી રાજવાડી ખાતે ૩૮ વર્ષીય શબાનાબેન મોહમદ અન્સારી પરિવાર સાથે રહેતા હતા. પરિવારમાં પતિનું હૃદય રોગમાં મોત થયું હતું. હાલ પુત્ર અન્સ સહિત ૩ ભાઈ અને એક બહેન માતા સાથે રહે છે. દરમિયાન ૧૦ દિવસ પહેલા શબાનાબેનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેમને સુરત કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન પુત્રને સવારે ૮ વાગ્યે બોલાવ્યો હતો અને માતાના મૃત્યુ બાબતે પરિવારને જાણ કરી ન હતી.

પુત્ર અનસ અન્સારીએ જણાવ્યું હતું કે, માતા સાથે એક કલાક વાત થઈ હતી. પણ આજે એવી ઘટના બની ગઈ છે કે, માતાના મોત બાદ તંત્ર કહે છે કે બોડી નહી મળે. ડોક્ટરોએ પણ આ બાબત અમારાથી છુપાવી છે. સુશિલાબેન નામની મહિલાના મૃતદેહ સાથે શબાનાબેનનો મૃતદેહ બદલી ગયો છે અને તેઓએ અગ્નિદાહ પણ આપી દીધો છે.

પુત્ર અનસે વધુમાં જણાવ્યું હતું કે, ડોક્ટરો સાથે પરિવારની મિટિંગ થઈ રહી છે. અમે ન્યાય માટે લડીશું. કાલ સુધી માતાની હાલત સારી હતી. ગત રોજ જ એક કલાક વીડિયો કોલમાં વાત કરી હતી અને આજે મોત થઈ ગયું હોવાની જાણ થઈ હતી. જયારે પણ રિપોર્ટ લેવા આવતા ત્યારે એક જ રિપોર્ટ આપી દેતા હતા. આજે વધુ દબાણ કરવા માટે આવ્યા તો મોત થયું હોવાની જાણ કરી હતી. સુશિલાબેનનો મૃતદેહ અમે સ્વિકાર્યો નથી. મારે મારી મમ્મી જ જોઈએ. પોલીસ સુધી જવું પડે તે પણ જઈશું.

ટોટલ ચાર મૃતદેહ છે. મૃતક શબાનાબેનના પરિવારે અન્ય મૃતદેહની તપાસ કરતા શબાનાબેનનો મૃતદેહ નથી. ચાર મૃતદેહમાં સુશીલાબેનનો મૃતદેહ હોવાનું કહી રહ્યા છે. સુશિલાબેનનો પરિવાર હજી અજાણ કે એમણે કોના મૃતદેહને અગ્નિદાહ આપ્યો છે.

સુશિલાનું પરિવાર શબાનાબેનના મૃતદેહને લઈને રાત્રે ૧૦.૩૦ વાગ્યો સ્મશાને પહોંચી ગયું હતું. અંતિમવિધી કરી ગામડે જતા રહ્યા હતા. સવારે જયારે આ ઘટના બહાર આવી ત્યારે પતિએ કહ્યું હતું કે અમે તો ચહેરો જોઈને જ અંતિમવિધિ કરી હતી. જોકે, ભત્રીજાએ કહ્યું હતું કે, મારા કાકાથી ભૂલ પણ થઈ હોય શકે છે. જેથી શબાનાના મૃતદેહને અગ્નિદાહ અપાઈ ગયો હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી. હાલ પરિવારને ફરિયાદ કરવી હોય તો કરી શકો છો. જોકે, જો મૃતદેહને અગ્નિદાહ અપાઈ ગયો હોય તો તે પરત ન લાવી શકાય તેવી રીતે સમજાવવામાં આવી રહ્યો છે. વધુ તપાસ પોલીસ દ્વારા પણ હાથ ધરવામાં આવી છે. જોકે, સુશિલાબેનનો પરિવાર હવે સુરત પરત આવવા પણ તૈયાર નથી.

## વંથલી શહેરમાં પોલીસ અને વેપારી એસોસિએશન દ્વારા નિઃશુલ્ક માસ્ક વિતરણ કરવામાં આવ્યા



હાલ સમગ્ર દેશમા કોરોના જેવા ભયંકર અને ગંભીર વાઈરસથી ઝઝુમી રહ્યો છે.અને દિવસે અને દિવસે કોરોના ના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં વંથલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ.બી.કે. ચાવડા સાહેબ અને પોલીસ સ્ટાફ અને વંથલી વેપારી એસોસિએશન દ્વારા લોકજાગૃતિ માટે આજરોજ વંથલી શહેરની બજારમાં નિઃશુલ્ક માસ્ક વિતરણ કરી અને લોકોને માસ્ક પહેરવા અને સોશીયલ ડિસ્ટન્સ જાળવી રાખવા અપીલ કરી લોકોને સમજાવવામાં આવ્યા હતા.તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

## મહારાષ્ટ્રમાં ધોરણ આઠ સુધીના વિદ્યાર્થીઓ માસ પ્રમોસન

મુંબઇ, તા.૪

મહારાષ્ટ્રના ધોરણ એકથી આઠ સુધીના બધા જ વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષા લીધા વગર જ માસ પ્રમોસન આપી પાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાની અને ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ વિશે ટૂંક સમયમાં નિર્ણય લેવાની જાહેરાત રાજયના શિક્ષણ પ્રધાન વર્ષા ગાયકવાડે કરી હતી.

ગાયકવાડે આ જાહેરાત એક ટૂંકા રેકોર્ડ કરેલા સંદેશ દ્વારા કરી હતી. જાહેરાતમાં એમણે જણાવ્યું હતું કે વાર્ષિક પરીક્ષા લીધા વગર જ મહારાષ્ટ્રના ધોરણ એકથી આઠ સુધીના બધા જ વિદ્યાર્થીઓને આગલા વર્ગમાં માસ પ્રમોસન કરવામાં આવશે. રાજયમાં હાલ પ્રવર્તમાન કોવિડ-૧૯ની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. એમણે વધુમાં જણાવ્યું હતું કે ધોરણ ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓને માસ પ્રમોસન કરવા વિશે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. જોકે, ગાયકવાડે પોતાના વીડિયોમાં બૉર્ડની પરીક્ષાઓ વિશે કશી માહિતી જાહેર કરી નહોતી. દરમિયાન સેન્ટ્રલ બૉર્ડ ઑફ સેક્ધડરી એજયુકેશન (સીબીએસઇ)એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ નહીં ઘટાડવાનો નિર્ણય લીધો છે. ગયા વર્ષે કોરોના રોગચાળાને ધ્યાનમાં લઈને સીબીએસઇએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ આશરે ૩૦ ટકા ઘટાડી નાખ્યો હતો. તેમની પરીક્ષા મે-જૂનમાં લેવામાં આવશે. સીબીએસઇ દ્વારા જાહેર કરવામાં આવેલા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ના નવા અભ્યાસક્રમમાં ગત શૈક્ષણિક વર્ષમાં જે પાઠ અને વિષય કાઢી નાખવામાં આવ્યા હતા તેને ફરીથી સમાવવામાં આવ્યા છે. ગયા વર્ષે સીબીએસઇ બૉર્ડે જાહેર કર્યું હતું કે કોરોનાને કારણે વિદ્યાર્થીઓને ઓનલાઇન અને અન્ય વૈકલ્પિક રીતે શિક્ષણ આપવામાં આવ્યું હતું જે તદ્દન નવી જ રીત હતી. તેથી ફક્ત એક જ વાર અભ્યાસક્રમમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

ગયા વર્ષના માર્ચ મહિનામાં કોરોનાના રોગચાળાને રોકવા માટે દેશભરની શાળાઓ બંધ કરવામાં આવી હતી. મોટા ભાગનું શિક્ષણ ઓનલાઇન પદ્ધતિએ કરવામાં આવ્યું હતું. કેટલાક રાજ્યમાં ઑક્ટોબર મહિનાથી આંશિક રીતે શાળાઓ ચાલુ કરવામાં આવી હતી.

## અમદાવાદ આઇઆઇએમમાં કોરોના બેફામ, વધુ ૧૫ કેસ, કુલ આંકડો ૧૧૯ થયો

અમદાવાદ, તા.૪

અમદાવાદ આઈઆઈએમસ્માં કોરોનાબેફામ રીતે વધી રહ્યો છે. આઈઆઈએમમાં કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવતાં તંત્ર દોડતુ થયું છે. ચાલુ વર્ષે અત્યાર સુધી પોઝિટિવ કેસનો આંકડો ૧૧૯ પર પહોંચ્યો છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ, ૨ ફેકલ્ટી મેમ્બર, ૧૦ ઓફ કેમ્પસ સ્ટાફ, ૦૨ ઓન કેમ્પસ સ્ટાફ, ૧૩ કોમ્યુનિટી મેમ્બર અને ૧૧ કોન્ટ્રાકટ સ્ટાફને કોરોના થયો છે. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં કુલ ૧૦૪ કેસ નોંધાયા હતા. અમદાવાદ IIMમાં કોરોના બેફામ રીતે વધી રહ્યો છે. આઈઆઈએમમાં કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવતાં તંત્ર દોડતુ થયું છે. ચાલુ વર્ષે અત્યાર સુધી પોઝિટિવ કેસનો આંકડો ૧૧૯ પર પહોંચ્યો છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ, ૨ ફેકલ્ટી મેમ્બર, ૧૦ ઓફ કેમ્પસ સ્ટાફ, ૦૨ ઓન કેમ્પસ સ્ટાફ, ૧૩ કોમ્યુનિટી મેમ્બર અને ૧૧ કોન્ટ્રાકટ સ્ટાફને કોરોના થયો છે. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં કુલ ૧૦૪ કેસ નોંધાયા હતા.

અમદાવાદ IIM{ં કોરોના બેફામ રીતે વધી રહ્યો છે. આઈઆઈએમમાં (IIM) કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવતાં તંત્ર દોડતુ થયું છે. ચાલુ વર્ષે અત્યાર સુધી પોઝિટિવ કેસનો આંકડો ૧૧૯ પર પહોંચ્યો છે. જેમાં ૫૦ વિદ્યાર્થીઓ, ૨ ફેકલ્ટી મેમ્બર, ૧૦ ઓફ કેમ્પસ સ્ટાફ, ૦૨ ઓન કેમ્પસ સ્ટાફ, ૧૩ કોમ્યુનિટી મેમ્બર અને ૧૧ કોન્ટ્રાકટ સ્ટાફને કોરોના થયો છે. નોંધનીય છે કે, માર્ચ મહિનામાં કુલ ૧૦૪ કેસ નોંધાયા હતા.

IIMના ડેશ બોર્ડ પ્રમાણે, કોરોનાના કેસો વધતા ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી કોરોનાના ટેસ્ટ IIM દ્વારા શરૂ કરવામાં આવ્યા હતા. IIM કેમ્પસમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેસ્ટ કેમ્પ અલગ-અલગ દિવસો દરમ્યાન લગાવવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ અને કોમ્યુનિટી મેમ્બરો જેમને થોડા પણ કોરોનાના લક્ષણો દેખાય તેમના ટેસ્ટ કરવામાં આવતા હતા.૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૨૭ માર્ચ ૨૦૨૧ સુધીમાં IIMછમાં કુલ ૧૯૧ જેટલા કોરોના પોઝિટિવ આવ્યા છે. જેમાં ૮૬ વિદ્યાર્થીઓ, ૪ પ્રોફેસર, ૧૪ ઓન કેમ્પસ અને ૨૭ ઓફ કેમ્પસ સ્ટાફ, ૧૯ કોન્ટ્રાક્ટ સ્ટાફ અને ૪૧ કોમ્પ્યુનીટી અને અન્ય સ્ટાફ કોરોના પોઝિટિવ થયો હતો. (પ્રતીકાત્મક તસવીર) IIMના ડેશ બોર્ડ પ્રમાણે, કોરોનાના કેસો વધતા ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી કોરોનાના ટેસ્ટ IIM દ્વારા શરૂ કરવામાં આવ્યા હતા. IIM કેમ્પસમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેસ્ટ કેમ્પ અલગ-અલગ દિવસો દરમ્યાન લગાવવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ અને કોમ્યુનિટી મેમ્બરો જેમને થોડા પણ કોરોનાના લક્ષણો દેખાય તેમના ટેસ્ટ કરવામાં આવતા હતા.૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૨૭ માર્ચ ૨૦૨૧ સુધીમાં IIMછમાં કુલ ૧૯૧ જેટલા કોરોના પોઝિટિવ આવ્યા છે. જેમાં ૮૬ વિદ્યાર્થીઓ, ૪ પ્રોફેસર, ૧૪ ઓન કેમ્પસ અને ૨૭ ઓફ કેમ્પસ સ્ટાફ, ૧૯ કોન્ટ્રાક્ટ સ્ટાફ અને ૪૧ કોમ્પ્યુનીટી અને અન્ય સ્ટાફ કોરોના પોઝિટિવ થયો હતો.

IIMના ડેશ બોર્ડ પ્રમાણે, કોરોનાના કેસો વધતા ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી કોરોનાના ટેસ્ટ IIM દ્વારા શરૂ કરવામાં આવ્યા હતા. IIM કેમ્પસમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેસ્ટ કેમ્પ અલગ-અલગ દિવસો દરમ્યાન લગાવવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, કોન્ટ્રાક્ટ પર કામ કરતા કર્મચારીઓ અને કોમ્યુનિટી મેમ્બરો જેમને થોડા પણ કોરોનાના લક્ષણો દેખાય તેમના ટેસ્ટ કરવામાં આવતા હતા.

## પેટ્રોલ-ડીઝલ અને એલપીજીનાં ભાવમાં થશે ઘટાડો

ન્યુ દિલ્હી, તા.૪

દેશમાં કોરોનાવાયરસે જે રીતે જનતાને દુઃખી કર્યા છે તેવી જ રીતે પેટ્રોલ-ડીઝલનાં ભાવ પણ સતત વધતા હોવાના કારણે લોકો હેરાન-પરેશાન થઇ ગયા છે. આ વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનાં ભાવમાં વધઘટ વચ્ચે એક મોટી વાત કહી છે.

મંત્રીએ કહ્યું કે, પેટ્રોલ-ડીઝલ અને એલપીજીનાં ભાવ હવે નીચે આવી રહ્યા છે અને તેઓ આગામી દિવસોમાં વધુ ઘટશે. તેમણે કહ્યું કે, અમે અગાઉ પણ કહ્યું હતું કે અમે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલનાં ભાવમાં થયેલા ઘટાડાનો લાભ અંતિમ ગ્રાહકોને ટ્રાન્સફર કરીશું. આપને જણાવી દઇએ કે, અગાઉ લોકસભામાં, વધતા જતા ઈંધણનાં ભાવ અંગેનાં પ્રશ્નોનાં જવાબમાં પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, છેલ્લા સાત વર્ષમાં સ્થાનિક એલપીજી સિલિન્ડરની કિંમતમાં બમણો વધારો થયો છે. અત્યારે ભાવ પ્રતિ સિલિન્ડર ૮૧૯ રૂપિયા છે. આ સમય દરમિયાન પેટ્રોલ અને ડીઝલ પર ટેક્સમાં ૪૫૯ ટકાનો વધારો થયો છે. પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં કિંમતોમાં ક્રમશ વધારાને લીધે એલપીજી અને કેરોસીન પરની સબસિડી (પીડીએસ હેઠળ) સમાપ્ત થઈ છે.

## સૌરાષ્ટ્રમાં આગામી બે દિવસ હીટવેવની આગાહી

રાજકોટ, તા.૪

કોરોના મહામારીની સાથો સાથ રાજકોટમાં ગરમીનો પારો પણ ઉપર ચડી રહ્યો છે. જેથી એક તરફ કોરોનાની બિમારી તો બીજી બાજુ આકાશમાંથી આગ ઝરતી ગરમી એમ રાજકોટવાસીઓએ બંને બાજુએથી પીસાવવાનો વારો આવ્યો છે. રાજકોટમાં આગામી બે દિવસ હીટવેવની આગાવી વ્યક્ત કરવામાં આવી છે. રાજકોટ મનપાએ હિટવેવને લઈને એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી ગરમીમાં વધારો થયો છે. જેમાંથી રાજકોટ પણ બાકાત નથી. રાજકોટમાં આજે પણ આકાશમાંથી અગનજવાળાઓ વરસી રહી છે. ગઈકાલના ૪૧ ડીગ્રી તાપમાન નોંધાતા મહાનગરપાલીકાએ ઓરેન્જ એલર્ટ (Orange Alert) જાહેર કર્યું છે. હવામાન વિભાગ દ્વારા ૨ દિવસ માટે સૌરાષ્ટ્રમાં હીટ વેવની આગાહી કરી છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર કરી ગયો છે. રાજકોટ ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ પહોંચતા રાજકોટ મહાનગરપાલીકા દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હજું પણ બે દિવસ હિટવેવ રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આમ આકરી ગરમીના વરતારાને ધ્યાનમાં રાખી રાજકોટ મહાનગરપાલીકાનાં આરોગ્ય વિભાગ દ્વારા હિટવેવને લઇને એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.

## રાજસ્થાનમાં માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ૫ લોકોના મોત

ઝાલોર, તા.૪

રાજસ્થાનના જાલોર જિલ્લાના સાંચોર વિસ્તારમાં રવિવારે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના ૫ સભ્યોના મોત નીપજ્યાં હતા. જેમાં સાંચોરના નિવાસી ગણપતલાલ સુથારના ૨ દીકરા, પત્ની, ભાણી-ભાણેજનું મૃત્યું થયું હતું. તેમનો પરિવાર જોધપુરથી સાંચોર તરફ પ્રયાણ કરી રહ્યો હતો. તે દરમિયાન સાંચોરથી આશરે ૧૦ કિમી દૂર અચાનક પૂર-ઝડપે આવતી ટ્રકે તેમની કારને અડફેટે લીધી હતી. દુર્ઘટનામાં ૪ લોકોના ઘટનાસ્થળે મૃત્યું થયા હતા, જ્યારે એકનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

ગણપતલાલ સુથારના બે દીકરાઓ દિનેશ (૨૫ વર્ષ) અને ભજનલાલ (૨૨ વર્ષ) તેમની માતા શાંતિદેવી અને બે બહેનોના બાળકો જસરાજ (૧૨) અને હાથિસા (૫) સાથે જોધપુરથી સાંચોર તરફ જઈ રહ્યા હતા. ત્યારે સાંચોરથી આશરે ૧૦ કિમી દૂર મીઠી બેરી ચિતલવાના સ્ટેશનની હદના નેશનલ હાઈવે પરાવા પર તેમની ગાડીને સામેથી આવતા ધડાકાભેર ટ્રકે ટક્કર મારી હતી. જેનાથી ગાડીનો આગળનો ભાગ ટ્રકની નીચે આવી ગયો હતો.પોલીસે સ્થાનિકોની મદદથી ગાડીમાં ફસાયેલા લોકોને ઘણી મહેનતના પગલે બહાર કાઢ્યા હતા. પરંતું ત્યાં સુધી ૪ લોકોનાં તો મોત નીપજ્યાં હતા.

## જનતા નો પોકાર

**નમસ્કાર નજીક ના ભવિષ્ય મા એએમટીએસ શરૂ થવાના કોઈ એંધાણ ખરા? સામાન્ય માણસ ને ?એએમટીએસ બસ સેવા એક વોલ્વો જેવોજ આનંદ આપે છે એ પણ નજીવા દરે મિનિમમ પાંત્રીસ રુપિયા દિવસ દરમિયાન અમદાવાદ ની સફર કરી શકે છે આ વખત નો નિર્ણય સામાન્ય રોજી રળતા અને નિયમિત નોકરી કરતા મુસાફરો માટે પડ્યા પર પાટા સમાન છે એસટી બસ ચાલુ છે એઓ શહેર મા બેસાડતા નથી રીક્ષા મોંઘી પડે છે આમ જનતા ની આ વિકટ સમસ્યાને ધ્યાનમાં રાખીને ને જેમ બને તેમ કોરોના ની ગાઇડ લાઇન ના પાલન સાથે એએમટીએસ બસ શરૂ કરવા નમ્ર વિનંતી....ધીરજ વી રબારી**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની આજે આઠ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે
વિષય : રંગ,હોળી,ધુળેટી. પ્રસિદ્ધિ. દિવસ - ૬

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
રચના ચેકકરનાર :જયશ્રીબેન પટેલ,અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews.com

---

**NOG SS NO- 0088**
વિષય શબ્દ- હોળી, રંગ, રંગોત્સવ
પ્રકાર- પદ્ય
શીર્ષક- માધવ કરે રે વિચાર!

મંદિરે બેઠો માધવ, આજ કરે રે વિચાર!..
કરે રે વિચાર, એતો મનમાં મલકાય!..
આવતાં જાતાં ભક્તો, એનો કરે જય જયકાર!..
કરે જયજયકાર! એનો, કરે રે પોકાર!..
માસ્ક પહેર્યા ભક્તો, આજ મને ના ઓળખાય!..
મને ના ઓળખાય એમાં ડખા બહું થાય!..
આના આશિષ આને, આપી જ દેવાય..
આપી જ દેવાય, ઉપરથી તથાસ્તુ! કહેવાય..
આવેલી આ હોળી કંઇક અલગ જ ઉજવાય!..
અલગ ઉજવાય આતો ભાઈ ગજબ! કહેવાય!..
હોળીતો ઉજવાય પણ સૌએ ટોળે ના વળાય!..
ટોળે ના વળાય તો પછી "જેમ" કેમ થાય?
ધુળેટીનાં રંગો બધા, ઘરનાં ને જ છંટાય!..
ઘરનાંને છંટાય પછી રંગોત્સવ કેમ થાય?
મોઢે પહેર્યા માસ્કે, સૌ કોઈ રંગીન દેખાય!..
રંગીન દેખાય તો પણ, રંગ્યા નવ જાય..
મંદિરે બેઠો માધવ આજ કરે રે વિચાર!..
કરે રે વિચાર! રાધાને રંગવા કેમ જવાય?
રંગવા ના જવાય, આતો ભારે! થઈ ભાઈ!
મહારોગ કોરોના, હોળીમાં સ્વાહા! થઈ બળે..
સ્વાહા! થઈ બળે ને સાચો રંગોત્સવ ભયે!..
મંદિરે બેઠો માધવ આજ આશિર્વાદ આપે..
આશિર્વાદ આપે ને સૌને સુખિયા! કરે..
આશિર્વાદ આપે ને સૌનાં દુઃખડા ટળે..
મંદિરે બેઠો..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NOG SS NO- 0088**
વિષય શબ્દ- હોળી, રંગ, રંગોત્સવ..
પ્રકાર- પદ્ય/ રસિયા... ફાગુ
શીર્ષક- હોલી ખેલન આયો વનમાલી..

હોલી ખેલન.. આયો! વનમાલી.. .
ભરી પિચકારી,.. સીધી રે ડાલી..
અરર!.. સારી ભિજે, ચોલી રે ભિજે..
કોરો તન મન સારો રે ભિજે!..
જારે! દૂર હટ!.. તું નટખટ ભારી!..
સખિયાઁ મિલ કરે, ઠીઠોરી રે મારી..
હોલી ખેલન! આયો.. વનમાલી!..
હાથ મરોડે,.. મોહે!.. અંગ લગાવે..
અંગ લગાવે!.. મોહે રંગ લગાવે..
લાજ શરમ સે મૈં તો મર મર! .. જાઉં..
તોરે પે કાન્હા! વારીવારી! જાઉં..
રસિયા!.. તું અલબેલો રે! ભારી..
તોરે રંગ મેં મૈં, રંગી ચલી હારી!..
હોલી ખેલન!.. આયો વનાનાલી!..

ડો. મનીષા વ્યાસ,અમદાવાદ

---

**NOG SS No : 0059**
વિષયઃ હોળી
પ્રકારઃગઝલ
શીર્ષકઃ જિંદગી

જ્યાં કેસરી રમાય, જરીવાર જિંદગી
શૂરા બની ગવાય લગાતાર, જિંદગી.
બદલાય ઋતુ જેમ, બિમારી નજીક દિસે,
ઔષધ , વગર વિલાય, દગાખોર જિંદગી.
જો કેસૂડો લવાય , ભર્યા ફાગણે રમું,
આનંદ ઉરે સમાય, સરાબોળ જિંદગી.
હુ રાધિકે તું ક્રિષ્ણ ન મીરાં સમાન હું,
ભક્તિ સદા કરાય, ગળે હાર જિંદગી.
રસખાન અંધ હોય, બિરજવાસ એ કરે,
પદ હોલી પર રચાય , ત્યજી ભાન જિંદગી.
ગરવી

.જ્યોતિ પરમાર(વડોદરા)

---

**NOG SS No :0011**
સાહિત્ય સરિતા
વિભાગ- પદ્ય
શબ્દ- રંગ
પ્રકારઃ- બાળગીત
શીર્ષકઃ- રંગ ખૂબ લગાવો...

ખૂબ નાચો ,ગાવો ને ધૂમ મચાવો,
રંગોનાં તહેવારે રંગ ખૂબ લગાવો.
આવે સુરેશ ને મહેશ તો રંગી નાખો,
અબીલ ગુલાલનાં રંગ ખૂબ લગાવો. (૨)
શિયાળાની ઠંડી પછી આવે છે હોળી,
ઝઘડવાનું છોડીને સૌ રંગ ખૂબ લગાવો. (૨)
કાદવ-કીચડ કે રસાયણ રંગો ના વાપરો,
ઘરે બનાવેલાં રંગથી રંગ ખૂબ લગાવો. (૨)
ઢોલ નગારા લાવીને ખૂબ જોરથી વગાડો,
નાનાં-મોટા ને બાલુડાને રંગ ખૂબ લગાવો. (૨)
હોળીકા દર્શને નાનાં બાલુડા આવે ત્યાં,
ધાણી ખજૂરનાં સંગે રંગ ખૂબ લગાવો. (૨)
લાલ-પીળી બંદૂક ને મશીનગનની પિચકારી,
પાણીની છોળો ઉડાડી રંગ ખૂબ લગાવો. (૨)
ચાલો,વોટપાર્કમાં ડી.જે.નાં તાલે રંગાવા,
પાણીનાં ફુવારા સંગે રંગ ખૂબ લગાવો. (૨)

મનોજકુમાર પંચાલ, 'મન', પાલનપુર

---

**NOG SS NO -0091**
વિષયઃ હોળી, રંગોત્સવ
પ્રકારઃ પદ્ય ગીત છે
શીર્ષકઃ આવ્યો ફાગણિયો

આવ્યો રે આવ્યો રે ફાગણિયો રંગ લાગ્યો રે, ઉડ્યો રે ઉડ્યો રે કેસુડાનો રંગ આજ ઉડ્યો રે
રૂમઝૂમ રૂમઝૂમ આવી છે હોળી,
આનંદ ઉલ્લાસ ને ખુશીઓની ઝોળી,
ઘૈરૈયાની ટોળી આવી રે. આવ્યો આવ્યો ફાગણિયો આવ્યો રે..
શેરીએ શેરીએથી ભેગાં રે કરતાં,
છાણાં ને લાકડાં બાળકો લઈ આવતાં,
ભાગોળે હોળી પ્રગટાવતાં રે. આવ્યો આવ્યો ફાગણિયો આવ્યો રે..
ધાણી ચણા ને ખજૂર લઈ આવતાં
હોળી માતાને પ્રેમથી વધાવતાં,
નારિયેળનો હોમ કરતાં રે. આવ્યો આવ્યો ફાગણિયો આવ્યો રે...
પૌરાણિક ગાથાને જાગૃત કરતો,
વ્હાલા પ્રહલાદની યાદ અપાવતો,
ભક્તિની શક્તિ દેખાડતો રે. આવ્યો આવ્યો ફાગણિયો આવ્યો રે..
રંગોથી રમતું માનવમહેરામણ,
પિચકારી લઈને દોડતું આ બાળપણ,
ખુશીઓ મજાની વહેંચતું રે. આવ્યો આવ્યો ફાગણિયો આવ્યો રે..
નાતજાતનાં એ ભેદ ભૂલવતો,
ભીતરનાં વેરને કાઢીને ફેંકતો,
પ્રેમ ભાવ લઇને આવ્યો રે. આવ્યો આવ્યો ફાગણિયો આવ્યો રે.

જિજ્ઞાસા યુ જોષી, "શુક"

---

**NOG SS No : 0015**
વિષયઃ- હોળી
વિભાગઃ પદ્ય/ છંદાસ
શીર્ષકઃ હોળી

આવી'તી એ તો રમવાને હોળી,
ગઇ હૈયામાં સળગાવી ને હોળી.
નજરોની સામે નયન નચાવી
આંખોથી આંખો ખૂબ લલચાવી,
કોમળ હાથે મુખડું રગદોળી
ગઇ હૈયામાં સળગાવી ને હોળી.
કરતી ઘાયલ એની નજર કટારી
સ્મિત ભરી છાંટી કામણ પિચકારી,
નખથી શીખ મુજને તરબોળી
ગઇ હૈયામાં સળગાવી ને હોળી.
હસતાં હોઠે, ગાલે ગાલ લગાડી
દિલનાં દ્વારે ઘેલી પ્રિત જગાડી,
ભીતર નાખી ડોકિયું,દિલને ડહોળી,
ગઇ હૈયામાં સળગાવી ને હોળી.

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ),ખેરાળી

---

**NOG SS No - 0080**
વિષય - હોળી
શીર્ષક - ફાગણિયો... (ગીત )

ગીત... ફાગ ફાગ ફાગણિયો.... -
ફાગ ફાગણિયો આયો રે સાજન..
ભીતર ગુલમહોર કેસરવાયું છલકે,
હળું હળુંક દઈને વસંતરાણી મલકે,
સમ સમણાંનો વાયુ વાયો રે સાજન...
નજરે નજરથી ટકરાતી ઝલકે,
નેહ નીતરતી પાંપણની પલકે,
વર વરણાગી શ્યામલ છાયો રે સાજન..
હરિ રંગ ભરી તને પામું એક ઝલકે,
વહાલ વરસે કેવું મલ્હારની હલકે,
મસ્તાની બની પ્રેમરાગ ગાયો રે સાજન..

વર્ષા જાની.

---

**NOG SS NO: 0059**
શીર્ષકઃરંગ

હોય જો પ્રેમ રંગ લાગે જરૂર કાચો કે પાકો. ગૂલાબી રંગ હોય મિત્રોનો સંગ જામી ધુળેટી. રંગે ભીજાયા છે સાહિત્ય સરિતા ધન્ય જીવન.

જયકાન્ત ઘેલાણી પ્યારે

---

**અંધ ભક્તો એકજ પક્ષ ને દૂધે ધોયેલો ભલે પોતાના સ્વાર્થે માને પણ આ અસહ્ય વધતા કોરોના કાળ માં મનપા.ગાંધીનગર ચૂંટણી મુલતવી રખાવી અંધ ભક્તો માનવ પાપની ભાગીદારી માથી મુક્તિ મેળવે.**

**શાશક સરકાર ની હિટલર શાહી તો જુવો,૧૬૧ કરોડ રુપિયા માસ્ક નો દંડ મોંઘવારીમાં પીસાતી જનતા પાસે વસૂલ કર્યો.આ નિર્દયી સત્તાધીશો હજુ તો વકરતા કોરોનામા ચૂંટણી યોજી રહ્યા છે. .મારો મહાદેવ નહિમૂકે**

**માનવ જ્યારે મોત સામે ઝઝુંમતો હોય તેવા વધતા જતા કોરોના કાળ માં સત્તા ભૂખી સરકારે ગાંધીનગર મનપા ચૂંટણી મુલતવી રાખી માનવ પાપ ની ભાગીદારીમાં મુક્તિ મેળવવી જોઈએ.૪૦% મતદાન થાય તેમ નથી.**

## કિસાન નેતા રાકેશ ટિકૈત-શંકર સિંહે અંબાજીમાં દર્શન કરીખેડૂતોના પ્રશ્નો હલ થાય તેવી પ્રાર્થના કરી

અંબાજી, તા.૪

બે દિવસની ગુજરાતની મુલાકાતે આવેલા ખેડૂત આગેવાને સૌ પ્રથમ અંબાજી મંદિરમાં શિશ ઝુકાવ્યુ છે. રાકેશ ટિકૈત વહેલી સવારે જ ટ્રેન મારફતે આબુ રોડ પહોંચ્યા હતા. અને ત્યાંથી તેઓ રાજસ્થાનની છાપરી બોર્ડર થઈને ગુજરાતમાં પ્રવેશ કર્યો હતો..છાપરી બોર્ડર પર રાકેશ ટિકૈતનું ગુજરાતના ખેડૂત આગેવાનોએ પ્રતિકાત્મક હળ આપીને સ્વાગત કર્યુ હતું.. કિસાન નેતા રાકેશ ટિકૈત અંબાજીમાં સરકીટ હાઉસ ખાતે વિશ્રામ કરી અંબાજી માતાના દર્શન કરી પાલનપુર રવાના થયા હતા. કિસાન નેતા રાકેશ ટિકૈતે ગુજરાતમાં છાપરીથી પ્રવેશ કર્યો છે. જેમાં ખેડૂતોએ હળ આપી તેમનું સ્વાગત કર્યું છે. તથા સુરક્ષાને લઇને પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો છે. રાકેશ ટિકૈત આબુરોડથી અંબાજી આવવા નિકળ્યા ત્યારે પુછ્યું હતું કે ગુજરાત આવવા પર કોઇ પાસપોર્ટ જોઇએ છે તો હું પરમિશન લઇને આવું કિસાન નેતા રાકેશ ટિકૈત ટ્રેન મારફતે રાજસ્થાનના આબુરોડ પહોંચ્યા હતા. તેમજ સાથે ખેડૂત આગેવાનો પણ જોડાયા છે.

# વેક્સીન શું છે.?એ કેવી રીતે બને?

૧. વેક્સીન શું છે.? એ કેવી રીતે બને?

૨. વેક્સીન લીધા બાદ શરીર કેવી રીતે કામ કરે છે.?

૩. શું વેક્સીનની શરીર પર થતી આડઅસર વાસ્તવમાં ફાયદાકારક છે.?

૪. શું વેક્સીન લેવી જોઈએ.?

૫. શું વેક્સીન લીધા બાદ પણ કોરોના થઈ શકે.?

૬. વેક્સીન વિશેની અફવાઓ.

(૧.) વેક્સીન શું છે.?

- સરળ શબ્દોમાં કહું તો કોઈ વાઈરસ અથવા બેક્ટેરિયાનો નિષ્ક્રિય અથવા મૃત અવતાર એટલે વેક્સીન. જી હા... હાલમાં કોરોનાની વેક્સીન જે લોકો લઈ રહ્યા છે એ બીજું કશું નથી પણ કોરોનાના જ જીવાણુ છે પણ એ મૃત છે અથવા એને નિષ્ક્રિય કરી દેવામાં આવ્યા છે. બહાર વાતાવરણમાં રહેલો કોરોના સક્રિય છે જે રોગ અને હાનિ ફેલાવે છે. જ્યારે વેક્સીનમાં રહેલા કોરોનાની રોગ ફેલાવવાની ક્ષમતા નાબૂદ / નિષ્ક્રિય કરી દેવામાં આવી છે માટે વેકસીનમાં જે કોરોના જીવાણુંના અંશો છે તે મૃત અથવા નિષ્ક્રિય છે.

- એ કઈ રીતે બને છે.?

જે તે પ્રાણી અથવા મનુષ્યમાંથી લીધેલા ટેસ્ટિંગ સેમ્પલના કલેક્શનમાંથી આવા વાઈરસને અલગ તારવવામાં ( આઈસોલેટ ) આવે છે. બાદમાં નિયત તાપમાને લેબોરેટરીમાં વિવિધ પરીક્ષણ અને રાસાયણિક પ્રક્રિયાઓના અંતે જે તે વાઈરસને નિષ્ક્રિય કે મૃત કરીને સોલ્યુશન મારફતે ઈન્જેક્શનમાં લેવામાં આવે છે. આ થઈ વેક્સીન.

૨) વેક્સીન લીધા બાદ શરીર કેવી રીતે કામ કરે છે.?

- આપણાં શરીરમાં મુખ્ય છે રક્ત / લોહી. આ લોહીમાં આપણાં ત્રણ સૈનિકો રહેલા છે. એક છે રક્તમાં વહેતા રક્તકણો, (ઇમ્ઝ જે ફેફસાને ઑક્સિજન પૂરું પાડે છે) બીજા છે શ્વેતકણો (ઉમ્ઝ જે રોગો સામે રક્ષણ કરે છે.) અને ત્રીજા છે ત્રાકકણો ( Pletellets જે લોહી જામવાની ક્રિયામાં અલગ અલગ રીતે મદદ કરે છે.)

હવે સંપૂર્ણ ખેલ રોગપ્રતિકારક શક્તિ નો છે. આ રોગપ્રતિકારક શક્તિને આપણે ભારતીય સેના સાથે સરખાવીએ.! સેનામાં જેમ એરફોર્સ, નેવી અને આર્મી છે બસ એવું જ.!

જેમ દેશમાં આતંકવાદી ઘૂસપેઠ કરે ત્યારે સૈનિકો એમને મારીને તગેડી મૂકે બસ એવું જ કામ આપણાં શરીરમાં શ્વેતકણો કરે છે. આ શ્વેતકણો આપણાં શરીરના ખરા સૈનિકો છે.??

શરીરમાં જ્યારે વાઈરસનો ચેપ લાગે ત્યારે આપણાં સૈનિક એવા શ્વેતકણો લડવા પહોંચી જાય છે. આપણાં શરીર માટે બહારથી પ્રવેશતા બેક્ટેરિયા/ વાઈરસ / વેક્સીનમાં રહેલો મૃત જીવાણું બધું જ એક આતંકવાદી માફક છે. જેની સામે લડવા શ્વેતકણો પહોંચી જાય છે. જ્યારે કોઈપણ વાઈરસનો ચેપ લાગે ત્યારે એ અજાણ્યા શત્રુને આપણાં શ્વેતકણો પડકાર આપે છે. એની સામે લડીને શરીરનું રક્ષણ કરે છે. આપણાં આ શ્વેત-સૈનિકો ખૂબ જ ઈન્ટેલીજન્ટ છે! એ લડતા લડતા શત્રુને (વાઈરસને) મેમરીમાં યાદ રાખી લે છે. એની વર્તણુક , એણે કરેલ નુકસાન , એની લડત બધી જ માહિતી એ ભેગી કરીને આપણાં ડિફેન્સ સિસ્ટમ એટલે કે રોગો સામે લડતા રોગપ્રતિકારક તંત્રને આપે છે. પરિણામે આપણું શરીર રોગને અનુરૂપ એન્ટિબૉડી તૈયાર કરે છે.

હવે વેક્સીન પર આવીએ.

(૩.) શું વેક્સીનની શરીર પર થતી આડઅસર વાસ્તવમાં ફાયદાકારક છે.?

જવાબ છે હા.! પણ હકીકતમાં એ વેક્સીનની આડઅસર છે જ નહી.

ઉપર વર્ણવ્યું એમ જ્યારે વેક્સીનમાં રહેલ મૃત વાઈરસ શરીરમાં ઈન્જેક્શન મારફત દાખલ થાય ત્યારે આપણું શરીર-શ્વેતકણો એને દુશ્મન સમજી પડકારે છે. આ પડકારનું પરિણામ છે તાવ / કળતર / દુઃખાવો.

વાસ્તવમાં વેક્સીન લીધા બાદ તાવ આવવો એ આડઅસર નથી પણ આવકાર્ય પ્રક્રિયા છે જે સૂચવે છે કે વેક્સીન અસર કરી રહી છે અને શરીરે એને યોગ્ય રિસ્પોન્સ / પ્રતિભાવ આપ્યો છે.

શ્દૃ વેક્સીન લીધાના ચાર છ કલાક બાદ આવું થઈ શકે છે. તાવ આવશે કે નહી? કળતર થશે કે નહી? આવી અનેક અસરનો આધાર વ્યક્તિની તાસીર અને વેક્સીનની અસરકારકતા ઉપર રહેલો છે. માટે વેક્સીન લીધા બાદ એકાદ દિવસ આવું થાય તો ગભરાવવું નહિ. એ શરીરમાં થતી હકારાત્મક પ્રતિક્રિયા છે.

(૪.) શું વેક્સીન લેવી જોઈએ.?

જવાબ છે સ્પષ્ટ 'હા'.

જો ગંભીર બીમારી ન હોય તો કોઈપણ વ્યક્તિ વેક્સીન લઈ શકે છે. જેમને હાઈ બ્લડ પ્રેશર , ડાયાબીટીસ, થાઈરોઈડ હોય એમણે ડોક્ટરને બતાવી એમની દેખરેખ અને સૂચન હેઠળ ખાસ વેક્સીન લઈ લેવાય જેથી જો કોરોનાની ઝપેટમાં આવે તો ગંભીર અસર કે પરિણામથી બચી શકાય. વેક્સીન લેવાનો ફાયદો એ છે કે પાછળથી કોરોનાની ઝપેટમાં આવીએ તો પણ એની અસર બહુ ખાસ નથી થતી અને સર્વાઈવલ સહેલું રહે છે. હેરાન ઓછું થવું પડે.

(૫.) શું વેક્સીન લીધા બાદ પણ કોરોના થઈ શકે.?

જવાબ છે ×હા×.

આ વેક્સીન છે, અમરત્વનું વરદાન નથી! સામાન્ય રીતે વ્યક્તિની તાસીર મુજવ વેક્સીનના પહેલા અને બીજા ડોઝ બાદ અમુક અઠવાડિયામાં શરીરમાં રોગ સામે લડતા એન્ટિબોડી બનવાનું શરૂ થાય છે. આજ વેક્સીન લીધી અને આજ જ એન્ટીબોડી બની જાય એવું ન થઈ શકે. વેક્સીન લીધા બાદ શરીરમાં એન્ટીબોડી બનતા આશરે પંદર થી પચાસ દિવસ લાગી શકે. માટે વેક્સીન લીધા બાદ પણ જો સાવચેતી ન રાખીએ દોઢ-બે મહિનામાં કોરોના થઈ શકે.

વેક્સીનનો મજબૂત ફાયદો એ કે જો એ લીધી હોય તો ગંભીર અસરથી ચોક્કસપણે બચી શકાય છે. એ ઉપરાંત નાનપણથી ઓરી અછબડા, હડકવા વગેરે જેવી કેટલીય વેક્સીન આપણે લઈને હાલાં સામાન્ય જીવન જીવીએ છીએ. વેક્સીનનો ફાયદો છે, નુકસાની નથી.

બીજું કે હાલમાં વેક્સીન સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. આવનારા વર્ષોમાં જરૂર કોરોના સામે વધુ અસરકારક વેક્સીન અને ટેબ્લેટ ફોર્મમાં મેડિસિન આવશે. ત્યા સુધીમાં કોરોના જોડે જીવવું એટલુ સામાન્ય લાગશે કે એકસમયે કરેલું લોકડાઉન પણ કદાચ હાસ્યાસ્પદ લાગશે છતાં દવાના અભાવે જે તે સમયે એ નાખવું જરૂરી હતું. હાલમાં કોઈ અન્ય દવા નથી ત્યારે માસ્ક, હાથની સફાઈ અને વેક્સીન થકી જ બચી શકાય એમ છે.

(૬.) વેક્સીનની અફવાઓ.

આપણી તુચ્છ વોટ્સએપ-ફોરવર્ડયા-યુનિવર્સિટીમાં હમણાં બે મેસેજ વાંચ્યા. જેમાં એક હતો વેક્સીન એ નપુંસક કરી દેવાનું કાવતરું છે. અને બીજું હતું વેકસીનમાં એન્ટી-હિન્દૂ દ્રવ્ય છે..બ્લા.. બ્લા.. બ્લા..

હદ છે સાલાવ. આવા અભણ લબાડ પોતે તો કશું વિજ્ઞાન ભણ્યા સમજ્યા ન હોય. ન તો તસ્દી લીધી હોય જાતે જાણવાની. આવા હરામ હાડકાંના બનેલા અભણ અંગુઠા છાપ ઠોબારવના લીધે જ દેશ વિજ્ઞાનને સમજવામાં અને અપનાવવામાં પાછળ રહ્યો. વોટ્સએપ પર જ્યારે વેક્સીન વિશે ખોટી અફવાઓ વાંચું ત્યારે હસવું કે રડવું એ જ ખબર ન પડે.

સાયન્સનો વિદ્યાર્થી રહ્યો છું અને આજીવન રહીશ. સાયન્સ ભણ્યો પણ છું અને ભણાવું પણ છું એટલે આવા ગપ્પા વાંચ્યા બાદ જ નક્કી કરેલું કે ભલે લાંબી પોસ્ટ થાય. કોઈ વાંચે કે ન વાંચે પણ સત્ય કહેવાવુ જોઈએ. વેક્સીન પાછળનું ખરું વિજ્ઞાન આમ લોકો વચ્ચે વહેંચાવવું જોઈએ. બસ એ જ હેતુથી આ લખ્યું.

**- કમલેશ ઓઝા**

# પ્રેસ ક્લબ ઓફ ધ્રાંગધ્રા ના હોદેદારો ની વરણી




ગુજરાત રાજ્ય ૫૦ મુદ્દા અમલીકરણ ના અધ્યક્ષ પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી, ધ્રાંગધ્રા તાલુકાના વિકાસ પુરૂષ લોકલાડીલા અને આદરણીય **શ્રી આઇ. કે. જાડેજાસાહેબ** ની પ્રદેશ ભાજપ માં કારોબારી માં સમાવેશ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન...

**પ્રેસ કલબ ઓફ ધ્રાંગધ્રા હોદ્દેદારો**

| | |
|---|---|
| પ્રમુખ | ચંદુભાઈ બી. મકવાણા |
| ઉપ પ્રમુખ | ઉમેશભાઇ ભીખભાઇ સોલંકી |
| ઉપ પ્રમુખ | દિનેશભાઇ ગૌરીશંકર વ્યાસ |
| મહામંત્રી | રણજીતસિંહ આર. ઝાલા |
| સંગઠન મંત્રી | હર્ષાબેન રાજેન્દ્રભાઇ સોમપુરા |
| સહમંત્રી | મયુરસિંહ હેતુભા ઝાલા |
| સહમંત્રી | મહેમૂદભાઇ એ. માયક |
| ખજાનચી | જયેશભાઇ બી. ઝાલા |
| સલાહકાર | જેરામભાઇ મકવાણા |


**પ્રેસ કલબ ઓફ ધ્રાંગધ્રા કારોબારી કમિટિ**

| | | |
|---|---|---|
| કપિલભાઇ આર. સોમપુરા | જેસીંગભાઇ બી. પઢીયાર | હર્ષદભાઇ કે. હડીયલ |
| નંદલાલભાઇ એસ. સોલંકી | જીજ્ઞાબેન આર. આચાર્ય | હેમંતભાઇ કે. દવે |
| હિરેનભાઇ પી. સોલંકી | કૃણાલભાઇ એમ. વૈષ્ણવ | મૌલેશભાઇ પંચોલી |
| સાવનભાઇ એન. ચંદારાણા | સનીભાઇ ટી. વાઘેલા | ભરતભાઇ પી. રાઠોડ |
| પાર્થગીરી એસ. ગૌસ્વામી | રાજુભાઇ ડી. પટેલ | નવઘણભાઇ કણઝરીયા |
| ચમનભાઇ પી. પાલનપુરા | સવિતાબેન પી. ચૌહાણ | જીતેન્દ્રભાઇ ડી. લકુમ |
| | | ભચલીભાઇ વ્યાસ |

આજરોજ તા -૨/૪/૨૦૨૧ ના રોજ પ્રેસકલબ ઓફ ધ્રાંગધ્રા ની એક અગત્ય ની મિટિંગ મળેલ જેમાં સરકારી શ્રી માન્ય સાપ્તાહિક ના તંત્રી /માલિક કુલ ૩૨ પત્રકારો એ હાજરી આપેલ હતી જેમાં સર્વાનુમતે હોદેદારો ની અને કારોબારી ની વરણી નીચે મુજબ કરવામાં આવેલ છે.

પ્રમુખ - ચંદુભાઈ બી.મકવાણા ,ઉપપ્રમુખ - સોલંકી ઉમેશભાઈ ભીખાભાઈ ,ઉપપ્રમુખ - દિનેશભાઈ ગોંરીશંકર વ્યાસ ,મહામંત્રી - રણજીતસિંહ આર.ઝાલા ,સંગઠન મંત્રી - હર્ષાબેન રાજેન્દ્રભાઈ સોમપુરા ,સહમંત્રી - મયુરસિંહ હેતુભા ઝાલા ,સહમંત્રી - મહેમૂદભાઈ એ. માયક ,ખજાનચી - જયેશભાઈ બી. ઝાલા ,સલાહકાર - જેરામભાઈ મકવાણા ,ઉપર ના તમામ હોદેદારો ને એક સાથે હાજર રહેલ પત્રકાર ભાઈઓ બહેનો આવકારી આપી ભવ્ય સ્વાગત કરવામાં આવેલ સોને અભિનંદન આપેલ પ્રેસ ક્લબ ઓફ ધ્રાંગધ્રા છેલ્લા ૨૦ વર્ષ થી કાર્યરત છે.અને પત્રકારો ના દુઃખ માં પ્રેસ કલબ ઓફ ધ્રાંગધ્રા ના પ્રમુખ શ્રી ચંદુભાઈ બી .મકવાણા ની આગેવાની માં લડત આવેદનપત્રો અને પત્રકારો ની સુરક્ષા પુરી પડેલ છે.આગામી દિવસો માં તમામ હોદેદારો અને કારોબારી ની રાહબરી નીચે પત્રકારો ના હક હિત માટે વિશાળ આયોજન થનારું છે.

## શ્રધ્ધાંજલિ.



પ્રખ્યાત ઉર્દૂ ગઝલકાર ખલીલ ધનતેજવી નો આત્મ દીપ આજે બુઝાઈ ગયો...સાહિત્યિક જગત માં શોક નો માહોલ...છેલ્લે અમદાવાદ ખુલી આંખ ના ચશ્મા(સપના વિજાપુરા)પુસ્તક વિમોચન માં જન ફરિયાદ ના તંત્રી તરીકે તેમની સાથે સ્ટેજ ઉપર બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું ત્યારે તેમને મળી ને જાણે શબ્દો નો અઢળક ખજાનો તેમના માં હોય તેવી અનુભૂતિ થયેલ ..કોઈ એક શબ્દ ઉપર તે તરત જ બોલી શકતા.લખી શકતા...તેમના અવાજ માં એક છટા હતી....જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક તેમજ ન્યૂઝ of ગાંધીનગર દૈનિક પરિવાર,..NOG સાહિત્ય સરિતા ગ્રુપ પરિવાર વતી શ્રધ્ધાંજલિ.

સાવ ખાલી હાથે પણ આલીશાન જીવ્યો છું,
મેં સતત ગઝલ માફક જીંદગી મઠારી છે.
ખલીલ ધનતેજવી..
શબ્દસ્થ...
ૐ શાંતિ..........
તંત્રી : પ્રદીપ રાવલ

### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કઠપુતળીનાં ખેલનું નવું આકર્ષણ

# કઠપુતળીનાં ખેલથી બાળકોને મનોરંજન સાથે પોષણક્ષમ આહાર વિષે માહિતી મળશે

રાજપીપલા, તા૪

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરકાર દ્વારા નવા નવા પ્રોજેક્ટ પ્રવાસીઓ માટે લાવવામાં આવી રહ્યા છે. તેમાં ખાસ કરીને બાળકોના આનંદ પ્રમોદમાટે વધુ એક મનોરંજક પ્રોજેક્ટ લવાયો છે. જેમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કઠપુતળીનાં ખેલ. નવું આકર્ષણ ઉમેરાયું છે. હવેથી પ્રવાસીઓને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક ખાતે કઠપુતળીનાં ખેલ.

જોવા મળશે.જેમાં કઠપુતળીનાં ખેલથી બાળકોને મનોરંજન સાથે પોષણક્ષમ આહાર વિષે માહિતી મળશે અને સાથે સાથે ભારતની પ્રાચીન કળાની ઓળખ પણ થશે. અને ભારતીય સંસ્કૃતિનો પ્રચાર - પ્રસાર પણ થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પના સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણ બની ચૂકયું છે, પ્રતિમાને વિશ્વની આઠમી અજાયબીમાં સ્થાન પણ મળ્યું છે.કેવડિયા પ્રવાસનધામની સાથે સાથે વિવિધતામાં એકતાનો સંદેશ પણ સમગ્ર વિશ્વમાં પ્રસરાવી રહ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આજે દરેક વયજૂથના પ્રવાસીઓ માટે આકર્ષણ ઉપલબ્ધ છે.

વડા પ્રધાને કુપોષણ મુક્ત ભારતનાં દ્રઢ નિર્ધાર સાથે ×સહી પોષણ - દેશ રોશન×નું સૂત્ર આપ્યું છે અને આ સૂત્રને ચરિતાર્થ કરતા કેવડીયા ખાતે વિશ્વના પ્રથમ ટેક્નોલોજી આધારિત ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કનું નિર્માણ કરાયું છે ત્યાં આજની પેઢીને પોષણક્ષમ આહારનું જ્ઞાન રમત સાથે જોડીને આપવામાં આવે છે. તા. ૧લી એપ્રિલથી હવે ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક ખાતે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા કઠપૂતળીનાં ખેલ પણ પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવ્યા છે. જેમાં બાળકોનાં સુપોષણને લગતી તમામ માહિતીઓ દર્શકો સામે પ્રસ્તુત કરવામાં આવે છે. જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં "સહી પોષણ - દેશ રોશન"નાં સુત્રને સાર્થક કરશે તે નિશ્ચિત છે સાથે સાથે બાળકોને મનોરંજન સાથે પોષણક્ષમ આહાર વિષે માહિતી મળશે અને ભારતીય સંસ્કૃતિની પ્રાચીન કળાની ઓળખ પણ થશે.

ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક ખાતે કઠપૂતળીનાં ખેલ રોજ સાંજે ૬.૩૦ થી ૦૭.૦૦ સુધી પ્રદર્શિત કરવામાં આવશે, કઠપૂતળીનાં ખેલને પ્રસ્તુત કરવા માટે અહીંના સ્થાનિક ૧૫ જેટલા યુવા-યુવતીઓને કઠપુતળી બનાવવાથી લઈને તેને દર્શકો સામે પ્રસ્તુત કરવા સુધીની વિધિસરની તાલીમ આપવામાં આવી રહી છે, આ પ્રવૃત્તીથી તેઓને રોજગાર પણ મળી રહેશે.આ માટે રાજસ્થાનનાં વિખ્યાત ચિતાંશ ગૃપની સેવાઓ લેવામાં આવી રહી છે, આ ગૃપ કઠપુતળીની કળામાં પારંગત છે અને પેઢીઓથી આ કળાની પ્રસ્તુતી કરવામાં માહેર છે અને પોતાની




કળાથી સામાજીક જાગૃતી ફેલાવવાની સેવાને માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ વખાણી અભિનંદન પાઠવ્યા હતા.

કઠપુતળીનાં ખેલ નિહાળવા માટે કોઈ અલગથી ટિકીટ લેવાની જરૂર નથી, ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કની ટિકિટમાં જ તેનો સમાવેશ થયેલ છે, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહીત પ્રવાસીય આકર્ષણોની ટીકિટ **www.soutickets.in** પરથી બૂક થઇ શકશે. કોઈ પણ પ્રકારની માહીતી મેળવવા તેમજ ફરીયાદ માટે ટોલ ફ્રી હેલ્પ લાઇન નંબર – ૧૮૦૦ ૨૩૩ ૬૬૦૦ પર સંપર્ક કરી શકશો(મંગળવાર થી રવિવાર સવારે ૦૮.૦૦ થી સાંજના ૬.૦૦ સુધી) હોવાનું

કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળના અધિક કલેકટરે જણાવ્યું છે.

તસવીર : જયોતિ જગતાપ, રાજપીપલા



**વરસાદી પાણીનો સંગ્રહ થાય અને દરેક ઘરે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ સાકાર પામે તે માટે પ્રયત્નશીલ જળ સંગ્રહ અભિયાનના પ્રણેતા ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબે અમરેલી શહેરમાં વિવિધ જગ્યાએ વોટર હાર્વેસ્ટિંગનું લોકાર્પણ કર્યું હતું.**

**આ તકે પ્રભારી મંત્રી શ્રી હકૂભા જાડેજા, પ્રદેશ મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ બોઘરા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, સહકારી અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા**

# વર્ગખંડને આબેહૂબ માણવા શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયે આ નવતર પ્રયોગ આદર્યો

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય સ્કૂલે “”ક્લિક કરને સે ક્લાસરૂમ ઘર આ જાતા હૈ”” આ વાક્યને સાકાર કરીને બતાવ્યું કોરોનાની ચાલી રહેલી મહામારી વચ્ચે જો કોઈનું સૌથી વધુ નુકશાન થઈ રહ્યું હૉય તો એ છે ફક્ત-વિદ્યાર્થી... કેમકે માર્ચ-૨૦૨૦ થી તમામ સ્કૂલો, કોલેજો હાલની તારીખમાં પણ લોકડાઉન જેવી સ્થિતિમાં જ છે. કહેવાય છે કે વિદ્યાર્થી એ ભારતનું ભાવિ છે. જેમ ભારતનું બજેટ જેટલું જરૂરી છે તેટલું જ વિદ્યાર્થીનું ભણતર પણ જરૂરી છે. આધુનિકતા સાથે ભારત કદમ મિલાવે, કોરોનાને માત પણ આપે અને સતત સાર્વત્રિક અને સર્વગ્રાહી શિક્ષણ સરળતાથી મળી રહે તેવા ઉમદા હેતુથી ગાંધીનગર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય થકી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ગુજરાતી માધ્યમના પ્રેક્ટીકલ્સના તમામ વિડિયો લેક્ચર્સ યુટ્યુબના માધ્યમ થી ગુજરાતના દરેક વિદ્યાર્થીઓને મદદરૂપ થઇ શકે તે માટે સતત કાર્ય કરેલું અને છેલ્લાં વીસેક દિવસમાં લગભગ ગુજરાતના દરેક ગામડામાં, દરેક શહેરમા, દરેક તાલુકામાં, દરેક જિલ્લામાં દરેક વિદ્યાર્થીઓના ભાવિ માટેનો આ પ્રયોગ સફળ થતો જણાય છે. સ્કૂલનાં ડાયરેક્ટરશ્રી ઉમંગભાઈ વસાણીએ વધુમાં જણાવ્યું કે ભવિષ્યમાં શિક્ષણની અગ્રસરતા, સફળતા અને સાર્થકતા આજ રસ્તાથી મળી શકશે તેની પહેલ આપણે સૌ એ ટેકનોલોજીના માધ્યમથી જ કરવી રહી. આપ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિડિયો જોવા માટે યુટ્યુબ પર ઈ LEARNING CONCEPT ટાઇપ કરીને જોઇ શકો છો તેમજ આપેલી લિંક https://qrgo.page.link/CLvLb ટાઇપ કરીને પણ આપ વિડિયો જોઇ શકો છો અથવા તો ઉપરોક્ત આપેલા ઊઇ CODE ને સ્કેન કરીને પણ આપ શિક્ષણ મેળવી શકો છો.ઘરે બેઠા જ વર્ગખંડને આબેહૂબ માણવા શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલયે આ નવતર પ્રયોગ આદર્યો છે અને વિદ્યાર્થીઓના ભાવિ માટે સમગ્ર ગુરુકુળ પરિવાર વિદ્યાર્થી તેમજ વાલીઓની સાથે જ રહેશે.



**ભારતીય જનતા પાર્ટી અમરેલી જિલ્લા દ્વારા આયોજિત કોરોના રસીકરણ કેન્દ્ર અભિયાન કાર્યક્રમમાં સહયોગી સામાજિક સંસ્થાઓ સારહિ યુથ કલબ ઓફ અમરેલી, લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલ, સિટી, મેઈન અને રોટરી કલબ ઓફ અમરેલી ગીર, મેઈન અને લાયન્સ કલબ રાજુલાના હોદેદારોનું સન્માન કરતા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબ.**

**આ તકે પ્રભારી મંત્રી શ્રી હકૂભા જાડેજા, પ્રદેશ મહામંત્રી શ્રી વિનોદભાઈ ચાવડા, પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ભરતભાઈ બોઘરા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, સહકારી અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયા, જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, પૂર્વ મંત્રી શ્રી વી વી વઘાસિયા, પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંઘાડ ઉપસ્થિત રહ્યા હતા**

# રક્તદાન કરવાથી માનવતાપૂર્ણ કાર્યમાં ફાળો આપ્યાનો આનંદ મળે છે : અનિલ કક્કડ

સમગ્ર રાષ્ટ્ર મા " હેલ્પેજ ઈન્ડીઆ " એ દેશના નાગરિકો ની સ્વૈછિક સેવા અને સહયોગથી સમાજ ઘડતર અને આદર્શ સમાજ નિર્માણ નુ કાર્ય કરવાનો નિષ્ઠા ભર્યો નમ્ર પ્રયાસ કરતી એક બિન સરકારી સંસ્થા છે. સંસ્થાનુ આ કાર્ય વર્ષોથી નિઃશુલ્ક પ્રવૃતિઓના માધ્યમથી અને વિવિધ વિસ્તારોમા આવેલા સેવા કેન્દ્રો દ્વારા અમદાવાદ સહિતના શહેરોમા થઈ રહ્યુ છે. વયસ્ક નાગરિકો ના હક્ક, હિત, આરોગ્ય સંભાળ સહિત વિનામુલ્યે અપાતી અન્ય સેવાઓનો લાભ હર કોઈને નાત, જાત, ધર્મ, સંપ્રદાય કે આર્થિક ભેદભાવ વિના નિયમિત મળે છે. આ સંસ્થા ના નેતૃત્વ હેઠળ આણંદ યુનિવર્સિટી ના બેચલર ઓફ સોસીઅલ વેલફેર ( BSW ) ના વિદ્યાર્થિઓ માટે યોજાયેલ શૈક્ષણિક કાર્યક્રમ તરીકે તારીખ ૦૩-૦૪-૨૦૨૧ ના કરવામા આવેલ " રક્તદાન " ( Blood Donation ) વિષય ઉપરના વેબ સેમીનાર નુ આયોજન સફળતા પૂર્વક સંપન્ન થયેલ છે.

સેમીનાર ના મુખ્ય વક્તા તરીકે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ના નિવૃત નાયબ કમિશ્નર શ્રી અનિલ કક્કડએ જણાવ્યુ હતુ કે હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજું સુધી તેમાં સફળતા મળી નથી. લોહી એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે. લોહીનો બીજો કોઈ જ વિકલ્પ ન હોવાથી આપણુ લોહી એ બીજા કોઈ માટે જિંદગી બની જાય છે. કેટલાય પ્રકારની ઈમર્જન્સી પરિસ્થિતિ મા લોહીની જરૂર ખુબ જ પડે છે. રક્તદાન સમયે રક્તદાતા ની સર્વાંગી મેડિકલ તપાસ, ઉમર, વજન તદુંરસ્તી, હિમોગ્લોબીન બ્લડ-પ્રેશર, શરીરનું તાપમાન, પલ્સ રેટ વિગેરે ચકાસવામા આવે છે. રક્ત સમુહ ( Blood Group ) શબ્દો જેવા કે એ, બી, ઓ, એબી, ×પોઝીટીવ× અથવા ×નેગેટિવ× આરએચડી એન્ટિજેનની હાજરી કે ગેરહાજરી દર્શાવે છે. રક્તદાન માટે કેટલીક ખોટી માન્યતા ઓ પ્રચલિત છે જેવી કે જરૂરિયાત ના સમયે માત્ર સૌથી નુ નજીકના સગાનુ જ લોહી લેવુ એ સારૂ ગણાય. પરંતુ એકદમ નજીકના સગા સંબંધી નુ લોહી લેવાથી GVHD નામના રીએક્શન વિશે ની આડઅસરો આવી શકે છે.

શ્રી કક્કડના જણાવ્યા મુજબ રક્તદાન ની જાગૃત્તતા ફેલાવવાની તાતી જરૂરિયાત છે. રક્તદાન કરવાથી કેટલાય લોકોનું જીવન બચાવી શકાય છે અને આ માનવતાપૂર્ણ કાર્યમાં ફાળો આપ્યાનો આનંદ મળે છે,. આ માનવ કલ્યાણનું કાર્ય છે. રક્તદાન સમાજને એ રીતે મદદરૂપ થઈ શકે છે કે જેનું કોઈ મૂલ્ય જ આંકી શકાતુ નથી. અંતમા મુંબઇ ના કવિયત્રી શ્રી ચેતના ગણાત્રા " ચેતુ " દ્વારા રચિત રક્તદાન ના મહિમા ને સમજાવતી કવિતા ની પંક્તિઓ પણ શ્રી કક્કડ એ ગાઈ સંભળાવી હતી.

# ઘોડી ગામે આંગણવાડી પાસે ખુલ્લામાં જુગાર રમતા ૬ જુગારીયાઓ ઝડપાયા.

રાજપીપળા,તા.૪

નર્મદાના ઘોડી ગામે આંગણવાડી પાસે ખુલ્લામાં જુગાર રમતા પોલીસે રેડ કરતા ૬ જુગારીયાઓ ઝડપાયા હતા.દેડીયાપાડા પોલીસે અહેકો ઈશ્વરભાઈ વશરામભાઈ દેડીયાપાડા પોલીસ જાતે ફરિયાદી બની મુકેશભાઈ સનાભાઈ વસાવા, દોલતભાઈ સોમાભાઈ વસાવા, ઉપેન્દ્રભાઈ વીરસીગભાઈ વસાવા, પંકજભાઈ વીરસીગભાઈ વસાવા,નિલેશભાઈ રાયસીગભાઈ વસાવા તમામ (રહે,ઘોડી નિશાળ ફળિયુ )તથા સોમાભાઈ મનિયાભાઈ વસાવા (રહે,સામરપાડા થપાવિ નાનું ફળિયું )સામે ફરિયાદ કરી છે.



ફરિયાદની વિગત અનુસાર તમામ આરોપીઓ ગોળી ગામે આંગણવાડી પાસે ખુલ્લામાં પત્તાપાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમાડી આરોપીઓની અંગજડતી ના રોકડા રૂ. ૧૧૨૦૦/- તથા દાવ પરના રોકડા રૂ. ૭૦૦/- મોબાઈલ નંગ-૪ કિ. રૂ ૫૫૦૦/- મળી કુલ કિં રૂ. ૧૭૪૦૦/- ના જુગારના મુદ્દામાલ સાથે પકડાઈ જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રિપોર્ટઃ જ્યોતિ જગતાપ, રાજપીપળા

# ભારત એવો પવિત્ર દેશ છે, જ્યાં કોઇએ દિવાલ ઉભી કરી નથી, અહીં દરેકનું સ્વાગત છે - મોરારીબાપુ

આ વર્ષે મહાકુંભ પર્વમાં શ્રીક્ષેત્ર કનખલ-હરિદ્વારના હરિહર આશ્રમના પંચ દશાનન જૂના અખાડા પીઠાધીશ આચાર્ય મહામંડલેશ્વર શ્રી અવધેશાનન્દગિરિજી મહારાજ દ્વારા ગંગાતટ ઉપર પૂજ્ય મોરારીબાપુની રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના નિમિત્ત માત્ર યજમાન નૈરોબી કેન્યા સ્થિત શ્રી નિલેશબાઈ જસાણી પરિવાર છે. કથામાં ઉપસ્થિત મહામંડલેશ્વર પૂજ્ય શ્રી અવધેશાનંદજી, પૂજય પાદ કાર્ષ્ણિ ગુરુ શરણાનંદજી મહારાજ, યોગ ઋષિ રામદેવજી મહારાજ, ગીતા મનીષી જ્ઞાનાનંદજી, પૂ. ચિદાનંદ સરસ્વતી મહારાજ, આ ક્ષેત્રના પ્રાંતિય અધ્યક્ષ મદન કૌશિક જી, કિન્નર સમાજના અધ્યક્ષા લક્ષ્મી નારાયણ ત્રિપાઠીજી, શ્રી અખિલેશ્વરાનંદજી, નૈસર્ગિકા ગિરિજી, શ્રી પ્રદિપ બત્રાજી અને અનેક સાધુ-સંતો વચ્ચે રામકથાનો આજે પ્રારંભ થયો છે. કથાના પ્રારંભમાં ગીતા-મનિષિ મહામંડલેશ્વર પૂ. જ્ઞાનાનંદજી મહારાજે ભાવપૂર્ણ સંબોધન કર્યું. પૂ. સ્વામી કાર્ષ્ણિ ગુરુ શ્રી શરણાનંદજીએ પોતાના સ્નેહ અને વાત્સલ્ય પૂરિત આશિર્વાદ પ્રદાન કર્યાં. સર્વપ્રથમ બાપુએ ઉપસ્થિત તમામ સાધુ સંતોને વિનમ્રતાથી પ્રણામ કર્યાં અને અહીં કથા કરવાનો અવસર પ્રાપ્ત થવા અંગે પ્રસન્નતા વ્યક્ત કરી. કથાના પ્રારંભમાં શ્રી કાર્ષ્ણિ ગુરુને વંદન કરતાં બાપુએ કહ્યું કે સમગ્ર વ્રજમંડ્ત્ર આપને નંદબાબા સ્વરૂપે જોવે છે. આપના અપ્રતિમ વાત્સલ્ય અને આશિર્વાદ હંમેશા મળતાં રહે છે. 'માનસ હરિદ્વાર' વિષય સાથે બાપુએ આજે રામચરિતમાનસમાં 'હરિ' અને 'દ્વાર' શબ્દ સાથેની ચોપાઈઓને કેન્દ્રમાં રાખી કથાનો શુભારંભ કર્યો હતો. બાપુએ કહ્યું કે હરિદ્વાર નામ કેટલું પવિત્ર છે. ભાગીરથી ગંગાને અહીં પૃથ્વી ઉપર સ્પર્શ કરવાની ઈચ્છા થઇ છે. ભારતનો એવો પવિત્ર પ્રદેશ છે જ્યાં ક્યારેય કોઈએ દિવાલ ઉભી કરી નથી, અહીં દ્વાર જ દ્વાર છે. રામચરિતમાનસ દ્વારા અનેક પ્રકારના દ્વારોના દર્શન કરાવતાં કથાનું મંગલાચરણ અને ગ્રંથનો પરિચય તથા મહિમા સમજાવતાં આજની કથાને વિરામ આપવામાં આવ્યો હતો.

કોરોના વાઈરસની બીજી લહેરના પ્રસારને રોકવા અને લોકોની સુરક્ષા સંબંધિત ઘણાં દિશા-નિર્દેશ જારી કરવામાં આવ્યાં છે. તેને લક્ષ્યમાં રાખતાં કથા પંડાલમાં ઓછા લોકો એકત્રિત થાય તેવું સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આયોજકો દ્વારા આમંત્રિત સદસ્યો સિવાય અહીં બીજા કોઈના નિવાસની વ્યવસ્થા કરવામાં આવી નથી. કથા શ્રવણ માટે પંડાલમાં આવતા તમામ શ્રોતાઓની પાસે કોરોના નેગેટિવ રિપોર્ટ હોવો આવશ્યક છે. આ ઉપરાંત માસ્ક, સામાજિક અંતર અને સેનિટાઈઝેશન ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આ દરેક બાબતોનું ધ્યાન રાખતાં ગત સપ્તાહે વૃંદાવનમાં સંપન્ન થયેલી 'માનસ વૃંદાવન' કથાના અંતિમ દિવસે બાપુએ પોતાની વૈશ્વિક વ્યાસ-વાટિકા દ્વારા શ્રોતાઓને પોતાના ઘરે ટીવીના માધ્યમથી કથા સાંભળવા અનુરોધ કર્યો હતો. ૩ એપ્રિલ, ૨૦૨૧થી સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી તેમજ ૪ થી૧૧ એપ્રિલ ૨૦૨૧ સુધી સવારે ૧૦ થી ૧.૩૦ વાગ્યા સુધી આસ્થા ટીવી અને ચિત્રકૂટધામની યુટ્યૂબ ચેનલ ઉપર રામકથા સાંભળી શકાશે .

# અમદાવાદના પાલડી પોલીસ સ્ટેશન દ્વારા ૫૦૦૦ માસ્કનુ વિના મૂલ્યે વિતરણ..



પોલીસ એટલે માત્ર દંડ કરે, પોલીસ એટલે માત્ર રૂપિયા લે, પોલીસ એટલે માત્ર લાકડી મારે, આ છાપ આપણા મગજમાં ઘર કરી ગઇ છે. પરંતુ સાંપ્રત મહામારી ના સમયમાં પોલીસ સારા કાર્યો પણ કરે છે. તાજેતરમાં અમદાવાદના પાલડી પોલીસ સ્ટેશન દ્વારા લગભગ ૫૦૦૦ થી વધુ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોડ ઉપર જતા સામાન્ય માણસોને પોલીસ-સ્ટેશનના સિનિયર થી જુનિયર સુધીના તમામ સ્ટાફ દ્વારા માસ્ક પહેરાવવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અને બહુ પ્રેમપૂર્વક રસ્તે જતા સામાન્ય માણસોને પાલડી પોલીસ? સ્ટેશનના સ્ટાફ દ્વારા માસ્ક પહેરાવવામાં આવ્યા હતા. આ ફોટોગ્રાફ્સ આપણને ઘણું કહી જાય છે.

lockdown દરમિયાન પોલીસની છબી ખરાબ કરતા અનેક ફોટોગ્રાફ વિડીયો આપણે જોયા, તેની સામે આ હકારાત્મક ફોટોગ્રાફ આપણા માટે હકારાત્મક સંદેશ છે. આ સમગ્ર અભિયાન પાલડીમાં જ રહેતા ગીતાબેન નરેશભાઈ શાહ ના સૌજન્યથી યોજવામાં આવ્યું હતું. જેમાં પાલડી પોલીસ? સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.એમ.સોલંકી સહિત પોલીસ કર્મચારીઓ શ્રી રાજુભાઇ દેસાઇ, શ્રી શાર્દુલભાઇ, શ્રી ધર્મેન્દ્રભાઈ તથા મોટી સંખ્યામાં સ્ટાફના મીત્રો જોડાયા હતા. આવો આપણે પણ આવા મિશનમાં આગળ આવીએ, અને સાથે મળીને કોરોના ને જાકારો આપીએ..




**આપણા સૌના લોકલાડીલા પૂર્વ ધારાસભ્યશ્રી અને અમારા આદર્શ, માર્ગદર્શક આદરણીય નરેન્દ્રસિંહ ઝાલા સાહેબ ના જન્મદિવસ નિમીતે આજરોજ માલપુર તાલુકા ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ અને પૂર્વ ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા દ્વારા આ આકરા ઉનાળા ની ગરમી માં પક્ષીઓ માટે પીવાના પાણી ના કુંડા નું વિતરણ માલપુર ખાતે કરવામાં આવ્યું. આ પ્રસંગે ભાજપા માલપુર ના તમામ કાર્યકર્તાઓ હાજર રહ્યા અને એક ઉમદા કાર્ય કર્યું કેમ કે જન્મદિવસ ના દિવસે બધા કેક કાપી ઊજવણી કરતા હોય છે ત્યારે અબોલ પક્ષી માટે ઉમદા કાર્ય કરી ને લોકો ને એક સંદેશો આપવા માં આવ્યો કે આપ પણ આપના ઘર આગળ પશુ પક્ષી માટે પીવા ના પાણી ની વવસ્થા કરવા વિનંતી....**

### તિલકવાડાના અંકતેશ્વર બ્રિજ ઉપરથી યુવાને ભૂસકો મારી આત્મહત્યા કરતા ચકચાર.

રાજપીપળા, તા.૪

તિલકવાડાના અંકતેશ્વર બ્રિજ ઉપરથી યુવાનને ભૂસકો મારી આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી છે.જેમાં મરનાર નારસિંહભાઈ કાગડીયાભાઈ વસાવા તા. ૩૧.૩.૨૧ના રોજ પોતાની મોટરસાયકલ નંબર જીજે ૫ સીએચ ૨૪૯૦ ની લઈને પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર કોઈ અગમ્ય કારણસર ઘરેથી નીકળી ગયેલ અને સાંજના સમયે નારસિંહભાઈ પોતાની મોટરસાયકલ નર્મદા નદીના અંકતેશ્વર બ્રિજ ઉપર મૂકી નર્મદા નદી માં જાતે કૂદકો મારેલો અને તેઓની લાસ તા.૩/૪/૨૧ના રોજ સવારે ૧૦ વાગે વાસણ ગામના નર્મદા નદીના ઓવારા ઉપર નર્મદા નદીના પાણીમાંથી મળી આવે આ અંગેની ખબર ભાઈલાલ શેરિયાભાઈ વસાવા એ આ પોલીસને કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તિલકવાડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.